મધુરાં ગીતો.

(પ્રાથમિક શાળામાં ભણતા બાળકો માટે.)

સંગ્રહ કરનાર,

મેરી સેમ્યુઅલ સોલંકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. ગાંધીરોડ—અમદાવાદ.

([illegible] આવૃત્તિ)

સંવત ૧૯૮૪ આશ્વિન [illegible] સને ૧૯૨૮

કી. ૦-૬-૦

મધુરાં ગીતો.

(પ્રાથમિક શાળામાં ભણતા બાળકો માટે.)

સંગ્રહ કરનાર

મેરી સેમ્યુઅલ સોલંકી.

આસીસ્ટંટ શિક્ષિકા.

જમાલપુર શાળા નં. ૬

અમદાવાદ મ્યુનિસિપાલીટી.

પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

સંવત ૧૯૮૨ સને ૧૯૨૬

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

કીંમત રૂ. ૦-૬-૦

અમદાવાદ–શાહપુર વનમાળી વાંકાની પોળમાં પટેલ હરિભાઈ
દલપતરામે પોતાના " અન્ત્યોદય " પ્રેસમાં છાપ્યા.

પ્રસ્તાવના.

બાળકોની કેળવણીમાં કવિતા અને સંગીતનું સ્થાન ઘણું અગત્યનું હોવું જોઇએ એ સિદ્ધાંત તો હવે બધા કેળવણીકારો સ્વીકારે છે. અને તેથી વાચનમાળામાં આપેલી કવિતાઓ ઉપરાંત બીજા ગીતો પણ પ્રાથમીક શાળાઓમાં બાળકોને ગવડાવવામાં આવે છે. આથી બાળકોને નવી નવી કૃતિઓનું જ્ઞાન થાય છે, શિક્ષણ શાસ્ત્રના નિયમ મુજબ વિવિધતા પોષાય છે અને બાળકોને નાનપણથીજ કવિતા અને સંગીત પ્રત્યે અભિરૂચી ઉત્પન્ન થાય છે.

અમુક ગીતો અમુક ધોરણોના વિદ્યાર્થીઓને યોગ્ય છે કે કેમ તેનો નિર્ણય કરવાનું કામ બીન અનુભવી શિક્ષકોને મુશ્કેલ માલમ પડે છે અને તેથી કેટલીકવાર તેઓ મનસ્વીપણે ગીતોની પસંદગી કરે છે અને ગમે તેવાં ગીતો પોતાના વર્ગોના વિદ્યાર્થીઓ પાસે ગવડાવે છે. આમ થતું અટકાવવાના હેતુથી બાળકોને આનંદ પડે એવા સુંદર અને રસિક ગીતોનો સંગ્રહ કરી, તેમને ધોરણવાર ગોઠવી શિક્ષકોને માર્ગદર્શક થઇ પડે એવો આ સંગ્રહ તૈયાર કરવાની મેં હિંમત ધરી છે.

આ નાનકડા પુસ્તકમાં બાળવર્ગથી માંડીને બધાંજ ધોરણોમાં અભ્યાસ કરતાં બાળકોની શક્તિનો વિચાર કરી જુદા જુદા કવિઓની કૃતિઓની કૃતિઓ એકઠી કરી છે. પ્રાચીન કવિઓ કરતાં અર્વાચીન કવિઓની કૃતિઓને ખાસ પસંદગી આપવામાં આવી છે; કારણ કે અર્વાચીન કવિઓ અત્યારના જમાનાના પ્રતિનિધિઓ છે અને આપણા અત્યારના આનંદો, ઉલ્લાસો, આદર્શો તથા મહત્વા-

કાંક્ષાઓનો તેઓ વધારે સારી રીતે પડઘો પાડી શકે છે. કેટલીક કવિતાઓ નવી ઢબની અંગ્રેજીમાંથી ઉતરી આવેલી ઝમકવાળી શૈલીના રાગની પણ રાખી છે. તેમનો રાગ કયો છે તે કહી શકાય નહિ પરંતુ તેમના સ્વરૂપ ઉપરથી શિક્ષકો તેમની ઢબ સમજી શકશે એમ હું આશા રાખું છું. આ સંગ્રહ સાહિત્યના દૃષ્ટિબિન્દુથી નહિ પણ કેળવણીના દૃષ્ટિબિંદુથી તૈયાર કરવામાં આવ્યો છે એ અત્રે જણાવવાની ખાસ અગત્ય છે.

મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ ફોર વુમેનમાં ત્રણ વર્ષ સુધીના મારી વિદ્યાર્થી અવસ્થામાં પણ આવી જાતનો એકાદ સંગ્રહ તૈયાર કરવાની યોજના મારા મનમાં સુક્ષ્મરૂપે રચાઈ રહેલી હતી તે યોજના આજે પાર પડેલી જોઈ મને આનંદ થાય એ સ્વાભાવિક છે.

મ્યુનિસિપલ જમાલપુર શાળા નં. ૬. અમદાવાદ. તા. ૨૨-૪-૨૬	**મેરી સેમ્યુઅલ સોલંકી** આસીસ્ટંટ શિક્ષિકા અમદાવાદ મ્યુનિસિપલ જમાલપુર શાળા નં. ૬.

અનુક્રમણિકા.

બાળવર્ગને યોગ્ય ગીતો.

પહેલા ધોરણને યોગ્ય ગીતો.

બીજા ધોરણને યોગ્ય ગીતો.

ત્રીજા ધોરણને યોગ્ય ગીતો.

ચોથા ધોરણને યોગ્ય ગીતો.

પાંચમા ધોરણને યોગ્ય ગીતો.

છઠ્ઠા ધોરણને યોગ્ય ગીતો.

કસરતનાં ગીતો.

પ્રાર્થનાનાં ગીતો.

બાળવર્ગને યોગ્ય
ગીતો.

ગીત ૧.

નાનું બાળક.

નાનકડું ને રૂપાળું,
જુઓ આનંદી આ બાળ.
હસે છે સામું જોતાં,
ધાવે અંગુઠો રસાળ—ટેક.
રાતા હોઠ, સુંવાળા વાળો.
ધોળા દાંત, ગુલાબી ગાલો.
માત હિંચોળે ગાઇ હાલો.
કુદરત ઉપજાવે છે અતિશે વહાલ.—નાનકડું.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૨.

માતાની સેવા વિષે.

રાગ-ધનાશ્રી.

બહુ તારા ઉપકાર,
માતા બહુ તારા ઉપકાર;
અતિ આનંદે ખોળે લઇને,
ધવરાવે દૂધ ધાર.—માતા બહુ.
પાળી પોષી મોટી કીધી,
એ અગણિત આભાર.—માતા બહુ.

આજ્ઞા પાળી સેવા કરવી,
એ મારો અધિકાર.—માતા બહુ.
ગુ. શા. પત્ર.

ગીત ૩.

પોપટ વિષે.

(આવો આવો અહિં ગોઠીઆ ગાય પાસે-એ રાગ.)

પેલા પોપટનો રંગ જો લીલો છે,
એની પાંખનો રંગ કંઈ પીળો છે;
એની ચાંચ તો રાતી વાંકી છે,
એની કોટે તો કંઠી કાળી છે.
એની આંખ શી મીઠી મજાની છે,
વાહ ! એ પોપટનું પાંજરૂં કેવું છે ?
એ તો નાનકડા ઘરના જેવું છે.

બાલુભાઈ રતનચંદ શાહ.

ગીત ૪.

ઢીંગલી વિષે.

મારી ઢીંગલી રે—નહિ બોલું.
તને પારણે ઝુલાવું—નહિ બોલું.
તને ખાજાં ખવાડું—નહિ બોલું.

તને સેજે સુવાડું—નહિ બોલું.
તને ફૂલડે સુંઘાડું—નહિ બોલું.
તને ચીર ઓરાડું—નહિ બોલું.
તને પાઠ ભણાવું—ભણીશ આ.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૫.

ગાય વિષે.

રાગ–ચોપાઇ.

કાળી ધોળી રાતી ગાય, ચારો ચરવા દહાડે જાય;
સાંજે વહેલી આવે ઘેર, વાછરડાને પડતી લે'ર.
ધોળું મીઠું આપે દૂધ, તેથી મારી ભાગે ભૂખ;
સાકર નાખી હોંસે ખાઉં, દૂધ ઘી ખાઇ ખુશી થાઉં.
દૂધની ખીર દૂધનો દૂધપાક, દહીંમાં નાખું સાકર ખાસ;
મીઠો માવો ને શિખંડ, ખાતાં ખાતાં ઉપજે ઠંડ.

બાલુભાઈ રતનચંદ શાહ.

ગીત ૬.

પોપટ વિષે.

રાગ–ગારા.

પોપટ કેવો છે સારો, લાગે બોલીથી પ્યારો; ટેક.

બોલવા સારૂં મુખ બનાવ્યું, જોવાને બે આંખો;
ચાલવાને બે પગ બનાવ્યા, ઉડવાને બે પાંખો.—પોપટ.
નાક નમેલું રાતું રૂડું, કોટે કાંઠલો કાળો;
જુઓ લીલો રંગ શરીરે, શોભે છે રૂપાળો.—પોપટ.
રહેવા સારૂ માળો બાંધ્યો, ખાય ફળો ને મેવો;
મીઠું તીખું ખાવા જોઇએ, એ સ્વાદીઓ કેવો.—પોપટ.
ભણાવીએ તો ભણતાં શીખે, બોલે બોલજ મીઠો;
તેથી પોપટ પાંજરામાં, પાળેલો મેં દીઠો.—પોપટ.

સંપાદક—છોટાલાલ પાનાચંદ સોની.

ગીત ૭.

ઢીંગલીનું હાલરડું.

મારી ઢીંગલીને હાલરડું વ્હાલું. ટેક.

તારા ઘુઘરીઆળા વાળ,
ગોરા ગુલાબી ગાલ,
વળી હોઠ લાલ લાલ,
તને હોંસેથી ઝુલાવું. મારી ઢીંગલીને.

તારા નાના નાના હાથ,
તારા નાના નાના પગ,
તું સુઘ અને નાના બાળ. મારી ઢીંગલીને.

મારે કામ કરવું છે,
મારે શિવણ સીવવું છે,
માટે ચૂપ ચૂપ ચૂપ,
તું સુઇ જાને નાના બાળ.   મારી ઢીંગલીને.

(મંગળુ.)

ગીત ૮.

દડો.

(હુરરા હવે તું હિંદુસ્તાન—એ રાગ.)

આવો બ્હેનો સાથ મળીને,
રમત દડાની કરીએ આજ;
જુદા જુદા રંગે રંગ્યા,
ઉછાળીએ ને ઝીલીએ સાથ.

રમત ૧ લી.   થપાટ મારી નીચે નાંખી,
ઉછળે ત્યાં ઉંચકી લઇએ;
લાગ ચૂકતાં બીજી ઝીલે તો,
ઉછાળવું છોડી દઇએ.

રમત ૨ જી.   સરસ મઝાના રૂડા રૂપાળા,
ફેંકો સર્વે ઉંચે સાથ;
જેને જે આવે તે ઝીલો,
ખરી ચપળતા આપણે હાથ.

એ પેલો મારો છે.
ના હવે મારો છે.
મેં તે ઝીલ્યો છે—આવો બ્હેનો.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૯.

નિશાળની ગમત.

(મા મને નિશાળે-એ રાગ.)

મા સહીયર મારી સર્વ ચાલી નિશાળે,
મા મને જવાના કોડ મૂકવા ચાલોને.
કહે છે કે ત્યાં હસાવે રમાડે,
થોડી થોડી વારે વળી ભણાવે;
પછી થોડીક વાર ગીતો ગવાડે,
મા આવી આવી ગમત અખૂટ.—મૂકવા ચાલોને.
કહે છે કે ત્યાં વાતો કહે છે,
કોઇ કોઈ ઉખાણું પૂછે છે;
પછી થોડીક વાર સીવવા કહેછે,
મા આવી આવી રમત અખૂટ.—મૂકવા ચાલોને.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૧૦.

દડા વિષે.

સૌના દડા કેવા ? ગોળ લાડુ જેવા.
દાબીએ તો કેવા ? પોચા રૂ જેવા.
શેના છે બનેલા ? ઊનના ગુંથેલા.
ઊન હોય કયાંયે ? ઘેટાં હોય ત્યાંયે.
ત્યાં હોય કેવું ? ઘોળું દૂધ જેવું.
બધાં ઘેટાં ધોળાં હોય ? ના કોઈ કાળાં હોય.
જુદા રંગ શાથી ? રંગમાં રંગ્યાથી.
ભાર એમાં કેવો ? હલકો પીંછા જેવો.
ભોંયે પછાડો, ઉછળી એ આવ્યો.

ગુ. શા. પત્ર.

ગીત ૧૧.

પાંજરાનો પોપટ.

તમે સાંભળોને પોપટ ભાઇ,
અમે તો જેવાને આવ્યાં ચાહી.
સીધા બેસી પગ બતાવો,
આંગળાં ગણી લઇએ.
પીંછાં ને કાંઠલો પુરો જેવા દો.
નાક નમેલું સહી—તમે સાંભળોને.

તમે રૂપાળા, ભોલો રૂપાળું,
તેમાં કંઈ મણા નહિ;
મરચાં મળે તો મહા સુખ પામો,
આવજો જઈશું ભાઈ—તમે સાંભળોને.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૧૨.

દડા વિષે.

રાગ-ગઝલ.

સીધા સૈ બેસો હારોહાર, રમો આ રમત દડાની સાર;
રંગે જુદા જુદા વરતાય, છોકરાં જોઈ જોઈ હરખાય.
દડાનો ગોળ જુઓ આકાર, જાણે લાડુ જેવો યાર;
દડો ઝાલો જમણે હાથ, તપાસો ગુણ હવે સૈ સાથ.
દબાવો પોચો રૂ છે એહ, તોળતાં હળવો ફૂલ છે તેહ;
પછાડો અવાજ તો નહિ થાય, લખોટી પેઠે ગબડી જાય.
દડા છે ઊન વડેજ ગુંથેલ, બાળ સૈ કરે લઈને ખેલ;
સીધા સૈ બેસો હારોહાર, રમો આ રમત દડાની સાર.

બા. ગી. સંગ્રહ.

પહેલા ધોરણને યોગ્ય ગીતો.

ગીત ૧.

ફૂલનું ઇનામ.

રાગ-ભૈરવી.

બાંધી પાટો આંખને ઉભી બાળા એક.—ટેક.
બીજી પાસે ખેલવા જોવા મળી અનેક.-બાંધી.

ફૂલનું ઇનામ, નામ સાચું જે કહે;
સૂંઘીને કહેવું એની સ્હેલું તે ખરે.-બાંધી.

જોતું ખરૂં ના કહે તો ના મળે ઇનામ;
તારી જગા બીજી બેસે બોલે તેનું નામ.-બાંધી.

સાચું બોલે, પહેલી બેસે, મેળવે ઇનામ;
જોનારાંઓ તાળી પાડે કહે શાબાશ કામ.-બાંધી.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૨.

પંખીની ટોળી વિષે.

(ગરબી.)

જુઓ જુઓ પંખીની આ ટોળા,
એમાં કબુતરોની જાત ભોળી.-૧

તેમાં ગરૂડજી મોટા રાજા,
ચાંચ મોટી શરીરે છે તાજા.–૨
સામા બેઠા પોપટભાઇ કારભારી,
એની બોલી લાગે છે બહુ સારી.–૩
જુઓ લુચ્ચામાં લુચ્ચા કાગડા છે,
સૌ પંખીમાં એતો નાગડા છે.–૪
હંસ મોર મેનાં ને કોયલ છે,
ગીધ સમડીને આપે જોયેલ છે.–૫
છેલ્લે કાબર ચકલીને હોલા,
ઢેક બગલા છે મોટા ઢોલા.–૬

ગુ. શા. પત્ર.

ગીત ૩.

માતાનો પ્યાર.

રાગ-ગઝલ.

જો આખા જગતમાં, જગે જગ ફરે;
પરંતુ ન મા હેત, ટાઢું પડે.
ઓ માતા ઓ માતા, વહાલી ઓ માય;
ન તુજ પ્યાર જેવો, જગતમાં જણાય.
બધું સોનું રૂપું, હીરાઓ મળે

વળી રાજાનો તાજ, સાથે જડે,
જગતનું બધું ધન, કદાપિ મળે;
નકામું છે આ હેત વિના ખરે.
ઓ માતા ઓ માતા.

ઓ. ક. દેલવાડાકર.

ગીત ૪.

કાગડા વિષે.

રાગ દોહરો.

બેઠો માળો બાંધવા, ભાળ્યો કાળો કાગ;
બે પાંખાળો બોલતો, નહિ રૂપાળો રાગ.—૧
કોઇ લઇને કાંકરો, ચોંપે હણવા જાય;
ચિત્તમાં ચેતી ચતુર તે, જલદી ઉડી જાય.—૨

ક. દ. ડા.

ગીત ૫.

બાળકે કલ્પેલો ઘોડો.

(આવો આવો અહિં ગોઠીઆ ગાય પાસેએ રાગ.)

જુઓ જુઓ છે આ ઘોડો કેવો ?
નથી એનો પડયો ક્રોકડો દેવો.

એને જીન કે ચોકડું ના જોઈએ;
એને ચંદી કે ચારો ના દઈએ.
નહિ કોઈને એ બચકાં ભરતો;
નહિ કોઈને એ લાતો ધરતો.
જુઓ જુઓ કરૂં એ પર સ્વારી;
મને એમાં મઝા પડતી ભારી.
જુઓ ચાબુક ચટ દઇ ફટકાવું;
જુઓ તબડક તબડક દોડાવું.
એને મારે નથી વેચી દેવો;
જો બનશે તો બીજો લેવો.

યોજક, જગજીવન કાલિદાસ પાઠક.

ગીત ૬.

ઘંટડી વિષે.

ઘણુણુણુ ઘંટડી ગાજે છે,
અતિશય સુંદર લાગે છે;
સાંભળજો રહીને તૈયાર.–સાંભળજો. ૧
હાર બનાવો ધ્યાન દઇને,
ભણો પ્રાર્થના ભેગાં થઈને;

ગુરુજનનાં મન રંજનકાર.–સાંભળજો. ૨
નિશાળમાં સદ્વર્તન રાખો,
ભૂલની માફી સદાય માગો;
પાઠ રૂડાના સુંદર સાર.–સાંભળજો. ૩

હરિદત્ત. કે. પાઠક.

ગીત ૭.

બાગ વિષે.

બાગ બાગ બાગ આતો, કેવો દીસે બાગ–ટેક.
માંહે ઉભો માળી પેલો, ગાયે રૂડા રાગ;
ખોદી ખોદી નવીન કયારા, પાણી પોતે પાય;
કાપી કાપી વાંકી ડાળી, છેટે નાંખી જાય.–બાગ.
થાકી પાકી લોથ થઈને, છાંયે બેસી જાય;
તાજું ભાથું ખાઈ કરીને, કામે પાછો જાય.–બાગ.
આખો દા'ડો કામ કરીને, સાંજે વહેલો જાય;
છૈયાંછોકર સૌની સાથે, ગીતો રૂડાં ગાય.–બાગ

ગુ. શા. પત્ર.

ગીત ૮.

મૂળ રંગ તથા મિશ્ર રંગ વિષે.

રાગ-ધનાશ્રી.

સુંદર રંગ જણાય, આ શા સુંદર રંગ જણાય;-ટેક.
પ્રથમ રાતો રંગ રૂપાળો, કંકુ લોહી ગણાય;-આ શા.
બીજો પીળો રંગ રસીલો, હળદરનો કહેવાય;-આ શા.
ત્રીજો વાદળી રંગ ઘણો છે, આકાશે દેખાય;-આ શા.
મૂળરંગ એ ત્રણથી બીજા, મિશ્રરંગ તો થાય;-આ શા.
રાતા પીળા ભેગા કરતાં, નારંગી દેખાય;-આ શા.
પીળા ભેગો વાદળી મળતાં, લીલો રંગ જણાય;-આ શા.
રાતો વાદળી ભેગા ધરતાં, જાંબુડી રંગ ગણાય;-આ શા.
એ રીતે ત્રણ રંગ બને છે, જગમાં બહુ દેખાય;-આ શા.
ધોળો કાળો નજરે દેખો, રંગ ભલે ભરમાય;-આ શા.
માણસને ખુશ કરવા માટે, રંગ કર્યા જગરાય;-આ શા.

ગુ. શા. પત્ર.

ગીત ૯.

પાળેલો કુતરો અને રાની કુતરાના સંવાદ વિષે.

રાગ-ગઝલ.

પાળેલો કુતરો—

અહો સુખ આ જગેં કેવું, મને મુજ શેઠને ત્યાં છે;
સહૂ ખાવા પિવાનામાં, મને આનંદ ન્યારો છે-૧

રાની કુતરો—

ખરે સુખ આ જગે મારૂં, સહુથી સારૂં હું માનું;
ફરૂં નિત મોજમાં મ્હાલું, ન કોને શેઠ હું માનું-૨

પાળેલો કુતરો—

નથી હું ટાઢમાં ઠરતો, નથી તાપે બહુ તપતો;
નથી વરસાદમાં ધ્રુજતો, સદા હું મોજમાં રમતો-૩

રાની કુતરો—

ગમે જે તે સદા ખાતો, ગમે જ્યાં ત્યાં સદા ફરતો;
ગમે જે કામ તે કરતો, સદા આનંદમાં ભમતો-૪

માણસ—

તમારૂં સુખ બંનેનું, મને લાગે જુદૂં જુદૂં;
ઘણું પાળેલને સુખ છે, પરંતુ રાનીનું જુદૂં-૫
ઘણું સુખ શેઠ જે દે છે, સદા તું આપિયું લે છે;
બની તું દાસ જે લે છે, સદા તે સુખ નીચું છે-૬

ખરૂં સુખ રાની તું લે છે, સદા મનને ગમ્યું લે છે;
ફરે મનમાનતી રીતે, ખરે તે સુખ ઉંચું છે.–૭

ત્રિ. વા મા. પુ. પહેલું.

ગીત ૧૦.

વરસાદ વિષે.

રાગ–ચોપાઈ.

કેવો વરસે છે વરસાદ, એથી નીપજશે પરસાદ;
વાદળીઓ દોડે આકાશ, ઉપરા ઉપરી ચારે પાસ.
ઝબકે વીજળી ગડગડ થાય, ઉપર પાણી પડતું જાય;
સાથે પવન તણું છે જોર, ઘન ગાજંતે બોલે મોર.
એ પાણીનું તોલ ન થાય, ફોરાં ગણીએ તો ન ગણાય;
નદી સરોવર રેલંઈ જાય, હરિગુણ ગાતાં પાર ન થાય.

ગુ. શા. પત્ર.

ગીત ૧૧.

ચોકખાઇ વિષે.

કપડાં સાદાં ચોકખાં પહેરી,
નિત્ય નિશાળે જઇયેજી.

માતપિતાને વંદન કરીને,
ગુરૂને પાયે નમીએજી.
ભણતી વેળા ધ્યાન દઇને,
પુરૂં શીખી લઇએજી.
નહિ સમજાયે ત્યાં અટકીને,
પૂછી સમજી લઇએજી.
સાચું કહેતાં દુ:ખ પડે કંઈ,
તેથી લેશ ન ડરીએજી.
સાચને ના આંચ કદી કંઈ,
અંતે સુખીઆં થઇએજી.
(કલ્યાણજી.)

ગીત ૧૨.

કાગડો ને શિયાળ વિષે.

રાગ–ભુજંગી.

ઉડયો લેઈને કાગડો એક પુરી,
શિયાળે દીઠી ને થઈ બુદ્ધિ બુરી;
પડાવા પુરીને પ્રપંચજ આણી,
પુલાવા વદે આમ ગંભીર વાણી. ૧.

તમારૂં રૂડું રૂપ શું કહું પ્રમાણી,
રૂડી આંખ ને પાંખ ધોળીજ જાણી;
કદી રૂપ જેવી હશે મીઠી વાણી,
ભલે પંખી પાણી ભરે માન આણી. ૨.
કુલાઈ કરે કાગડો ભાઇ કાકા,
પડી પુરી ને મારતો મૂર્ખ ફાંફાં;
ગુમાવી પુરીને ગણ્યો ગમાર,
લઇ પુરીને ચાલીયું તો શિયાળ.

(દલપતરામ ડાહ્યાભાઈ.)

બીજા ધોરણને યોગ્ય
ગીતો.

ગીત ૧.

પંખીઓ.

જાગને જાદવા-એ રાગ.

જાગ મુજ વીર ફફડાટ સુણુ પક્ષીના,
ચણુ ચણે પરબડી રંગ રાચી.— ટેક.
દસ દિશેથી વળ્યાં આવી ટોળે મળ્યાં,
હરખથી ફૂલતી છાતી સાચી.— જાગ.
ચકલીઓ મોર હોલા કબુતર વળી;
મયનાં પોપટ પઢે ખૂબ નાચી.— જાગ.
સમડી સરરર સરે કાગ કાકા કરે;
ફફડતી પાંખ સમતોલ રાખી.— જાગ.
ચણી રહ્યાં ચણુ સહુ સૂર્ય ચઢીઓ બહુ;
ઉઠ આળસ તજી તેડે માજી.— જાગ.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૨.

સાચાં બાળક.

(સવૈયા એકત્રિસા.)

સાચાં બાળક અમે બધાં એ, સાચ તણો સજીએ શણગાર;
વદીએ સાચું, કહીએ સાચું, કોથી ન ડરનાર.

સાચ અમારૂં બખતર કરીએ, સાચજ જબરૂં અમ હથિયાર;
સાચ તણી તો લડાઈ લડવા, બનીએ સૌ શૂરા સરદાર.
સાચ થકી રંગાયા સઘળા, સાચ મહિં સઘળા મસ્તાન;
સાચ વિનાના બાળકને તો, ગણીએ સૌ સાચા હેવાન.
સાચ પ્રભુને સદાય વ્હાલું, સાચે શાચે માને બાપ;
સાચાં બાળક બની બધાંએ, સાચ–પુજારી બનીશું આપ.

હિમ્મતલાલ ગણેશજી અંજારીઆ.

ગીત ૩.

ખીસકોલી વિષે.

તું રૂપાળી ખીસકોલી;—ટેક.
કાબરચીતરી બહુ તરવરતી.
અહીંથી તહીં બહુ વેગે સરતી,
રમત રમુજી કર ઘેલી.–તું.
જરા અવાજે ચમકી દોડે,
ફળફૂલ ખાતાં ચમકી ડોલે;
તાલ વડે મારૂં મન મોહે,
રામતણા પટ્ટાથી સોહે;
જીવતી રમતી રહે વહાલી.–તું.

ગીત ૪.

બારમાસીનું ફૂલ.

રાગ-દોહરો.

બારમાસીનું ફૂલ આ, શું સુંદર દેખાય;
રહે છે બારે માસ તે, દેખી મન હરખાય.
ફૂલ ગુલાબી રંગનું, વચ્ચે વચ્ચ છે ખાસ;
જાણે ડાળીના ઉપર, દિપકનો આભાસ.
આ ફૂલની શોભા ઘણી, વાડીમાં દેખાય;
પાન લીલાં તેના વડે, શોભા શી વર્ણાય.
બારમાસની મુખ્ય જે, ઋતુઓ ત્રણ કહેવાય;
તેમાં તે ખીલે સદા, બારમાસી કહેવાય.

(મળેલું.)

ગીત ૫.

વરસાદ.

(આપણે કરીએ ઉજાણી-એ રાગ.)

વરસાદની ફરફર આવે છે,
સૂતરફેણી સંભારૂં.
વરસાદની ઝડીઓ આવે છે,
દૂધપાક દિલમાં ધારૂં.

લાવણી.

કદી કરા પડે,
કદી ધૂળ ચઢે.
વંટોળ ચૂરમું મારૂં,
પડયું થોડું પાણી જે હોય,
જમીન ભીંજી ન્હોય,
તોય ઘી ધારૂં.
ગાજે જે ઘનનન ઘોર, વીજળી તોડ, કડાકાફોડ,
લાડુ તે વારૂ.
નહિ બ્હીશો એનો કોઇ
તડાકા મારૂં.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૬

માખીની શિખામણ.

રાગ દોહરો.

માખી બોલી મુખ થકી, પ્યારા બચ્ચા પાસ;
જઇ આવું હું જ્યાં સુધી, ઉડીશ માં આકાશ.
ઉકળે છે ઊનામણો, જે તે પાસે જાય;
ચૂકે ફરતાં ચોટ તો, જીવનું જોખમ થાય.

એમ કહી એ તો ગઈ, બચ્ચું બુદ્ધિ બાળ;
દિલમાં ડા'પણ ડોળવા, તે લાગ્યું તત્કાળ.
ઘરડાં તો વાતો ઘણી, કરે વધારી વહેમ;
ઉડી ફરતાં એટલે, કહો મરીશ હું કેમ ?
એમ કહી ઉડી ગયું, પહોંચ્યું પાણી પાસ;
અંજાઈ એમાં પડ્યું, વળતી થયું વિનાશ.
બોલ્યું મરતાં બોલ તે, જે ચાલે આ ચાલ;
માને નહિ માબાપનું, તો તેના આ હાલ.

ક. દ. ડા.

ગીત ૭.

કુતરા વિષે.

(ભોજા ભગતના ભજનની રાહ.)

કુતરો ઘરતણો રખવાળ, પણ છે બિલ્લી કેરો કાળ,——ટેક.
તૂ તૂ કરતાં તરત દોડીને, તલપી ટુકડા ખાય;
ખાય, વધે તે મોંમાં ઝાલી ખૂણામાં લઈ જાય.—કુતરો.
પગે પગે ત્યાં ખાડો ખોદી, મૂકે મઝાની સાથ;
કચરે ઢાંકે કાળજીથી એ, કેવી કુશળ જાત.—કુતરો.
આંગણે બેસી બહાદુરીથી, ચોકી કરતો પાકી;
અજાણ્યાને દેખી આવતાં, દોટ મૂકે પગ તાકી.—કુતરો.

ખડખડતામાં ખભળી ઉઠી, ભો ભો કરતો ધાય;
સૂતેલો ધર્ણી જાગી ઉઠે, ચટ દઈ ચોર ઝલાય.—કુતરો.
કેટે પટ્ટો શોભિત પહેરે, ફાનસ મ્હોમાં સ્હાય;
વાંકી પુછડી ઉંચી કરીને, શેઠની સાથે જાય.—કુતરો.

ગુ. શા. પત્ર.

ગીત ૮.

ઇંદ્રિયો વિષે.

રાગ—મા મને નિશાળે મુકને પાય લાગું મા.

આ પ્રભુએ આપી આંખ, સઘળું જોવાને;
તે સાથે બુદ્ધિ વિચારની, દુઃખ ખોવાને.
આ પ્રભુએ આપ્યા કાન, શાસ્ત્ર વચન સૂણવા;
વળી પ્રભુએ આપ્યું મુખ, સુવાણી ઉચરવા.
આ પ્રભુએ આપ્યા હાથ, શુભ કામો કરવા;
વળી પ્રભુએ આપ્યા પાય, સુમારગ સંચરવા.
આ જે જે ચીજ જરૂરની, તે આપીને;
જગદિશ જુએ છે સર્વ, સઘળે વ્યાપીને.
તે માટે સખીઓ સર્વ, સાથ મળી રહીએ;
એ પ્રભુને લાગી પાય, તેના ગુણ ગાઈએ.
એ પ્રભુમાં આપણ આજ, ચિત્ત લગાડીને;
ગુણ ગાઈએ શાણી બેન, તાળી પાડીને.

પ્રભુ ન્યાયી ને વળી નેક, સર્વ તણો ત્રાતા;
એ જગતતણો માબાપ, સૈનો સુખદાતા.
સૌ સખીઓ પૂજો પ્રેમથી, એ છે પાસે;
પછી સુમતિ માગો બેન, તેથી સુખ થાશે.

ગુ. શા. પત્ર.

ગીત ૯.

સમજીને વાંચવા વિષે.

રાગ-ચોપાઈ.

સારી ચોપડીઓ શોભાય, હૈયું તે દેખી હરખાય;
પણ વિગતેથી જો વંચાય, તો તેમાંથી કારજ થાય.
જીવ ઘાલીને વાંચે જેમ, તેમાં સમજણ આવે તેમ;
વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.

ક. દ. ડા.

ગીત ૧૦.

કોયલ વિષે.

રાગ-ચોપાઈ.

કોયલડી ! તું કયાં સંતાય ?
મીઠાં ગીતડાં ગાતી જાય;

શોક થકી તું દીસે દૂર,
નિત્ય રમે હર્ષ તણો પૂર.—૧.
મીઠો સ્વર તુજ અનુપમ દીસે,
હું નવ જાણું તું ક્યાં વસે;
ક્યાંથી શીખી અદ્ભુત ગાન; !
ખરે સ્વર્ગ છે એનું સ્થાન.—૨.
કુહૂ કુહૂ કહી કહી વારંવાર,
અમી વરસતો તુજ ઉચ્ચાર;
શીખવે મુજને ગાન રસાળ;
આપું આંબા મોરની માળ.—૩.

નરસિંહરાવ.

ગીત ૧૧.

ભૂગોળને લગતું.

દિશા તથા ખૂણાઓ શીખવા વિષે.

(પુનમ ચાંદની......એ રાહ.)

આવો બેનો આપણ સરવે સાથે શીખીએરે,
પહેલાં ઉભા થઈને જોઈએ ચારે મેર;
કઈ છે ઉગમણી દીશા તે આપણ ખોળીએ રે....૧

(સાખી.)

સૂર્ય ઊગે જે દિશામાં, પૂર્વ દિશા કે'વાય;
પશ્ચિમ તેને જાણવી, સૂર્ય અસ્ત જ્યાં થાય.
ચાલો પૂર્વ દિશામાં મોઢું રાખી આપણે રે,
કહીએ જમણા હાથ તરફની દક્ષિણ દિશ;
ઉત્તર દિશા ડાબા હાથ તરફની થાય છે રે....૨

(સાખી.)

દક્ષિણ પૂર્વની મધ્યનો, અગ્નિખૂણો જે થાય;
નૈઋત્ય તેને જાણવો, દક્ષિણ પશ્ચિમ સાથ.
તેમજ ઉત્તર પશ્ચિમ વચ્ચે વાયવ્ય ખૂણો રે,
આવી રીતે ઉત્તર પૂર્વ વચ્ચે ખૂણ;
કહીએ ઈશાન જેને વા વંટોળજ વાય છે રે....૩

(સાખી.)

આવી રીતે હું કહું, ખૂણા આ શીખ ચાર;
દિશા ચારજ જાણવી, કુલ કહું તમ આઠ.
આવી બાળપણાની ગમ્મત સાથે શીખજો રે,
રાખી એનો કેરી મનમાં સારી શીખ,
રાખી ચિત્ત તમારૂં સારા તમ અભ્યાસમાંરે....૪

સ્કો. ગિરજાશંકર બાપુજી શુક્લ.

ટ્રે. સ્કુ. બોવરા.

ગીત ૧૨.

બળદ વિષે.

વાત કહું તે સુણુજો વ્હાલે, ધ્યાન ધરીને સારી;
અરે બાપડા બળદ તણી આ, સેવા જુઓ વિચારી.
બળદ કહે કે ગૌ માતાએ, જન્મ મને આ દીધો;
બેટા ધણીની સેવા કરજે, હુકમ એવો કીધે.
પેટ ભરીને દૂધ નહિ પીધું, લીધુ તે પણ કાઢી;
ઘાસ અને ચારો ખાઈ હું, ખુંદતો ખેતર વાડી.
પાંચ વરસનો થયો હું ત્યારે, નાક વીંધી મુજ નાંખ્યું;
નાથ જુઓ આ ઘાલી મુજને, સંકટ મેં બહુ સાંખ્યું.
ગાડીએ મુજને નોતરીઓ, બરડે ફટકા વાગે;
ધમ-ધમ કરતી ગાડી આ ચાલે, ઘમઘમ ઘુઘરા વાગે!
શોભે છે કેવાં મુજ શિંગડાં, જુઓ તમારે છે કે?
પાછળ કેવું સુંદર પુંછડું, વળતું લટકે લ્હેકે?
વ્યવહારજ મારાથી ચાલે, ધણીના પૈસા પાકે;
ખેડુતનું બળ હુંથી જાણું, મુજબળથી હળ હાંકે.
એવી ધણીની સેવા કરતો, રહું છું રૂડી રીતે;
દયા ધરીને પ્રીતે એ સૌ, યાદ કરો શુભ ગીતે.

ખબરદાર.

ત્રીજા ધોરણને યોગ્ય
ગીતો.

ગીત ૧.

ઉત્તમ ફળ.

રસ પાન કરો–એ રાગ.

ગ્રીષ્મ ઋતુ બેસે ત્યારે,
કેરી આવે એ...ટાણે. (૧)
ઉત્તમ ફળ કેરીનું કહાવે રે,
ખાય તે રંકને રા....યજરે. (૨)
પાકે કેરી ગ્રીષ્મ ઋતુમાં રે,
કોયલ આપે આ....નંદ રે. (૩)
કૂ કૂ કૂ કૂ કરી બોલે ત્યારે,
પંચમ સૂર સંભળા....વે રે. (૪)
અતિ મનરંજક રંગ કેરીનો,
મન લલચાવે સ....દ્ધિનો. (૫)
રસ છે મધુરો પણ કેરીનો,
સ્વાદુ ને સુખક....ર જનનો. (૬)
ઉત્તમ ફળ જ્યારે જોઇએ રે,
પ્રભુની લીલા કળીએ...રે. (૭)
વિભુને ચરણે વિસ્મય પામી,
કૃતજ્ઞ બનીને ઢળીએ....રે. (૮)

મે. સે. સોલંકી.

ગીત ૨.

ધન વિષે.

("નહિ ચીજ કોઈ ગળી"–એ રાગ.)

વસુ વિના નર પશુ, જગતમાં વસુ વિના નર પશુ;
દામ સિવાયે દેશ વિદેશે, કામ બને ના કશું–જગતમાં.
જન્મી જગમાં, જીવન જીવી હશે કને જો વસુ;
નોકર ચાકર ગાડી વાડી, કીર્તિવાળા થશું–જગતમાં.
અર્થ વિના કો ભાવ ન પૂછે, અર્થ સરે ના તસુ;
રાજ સમાજે વાટે ઘાટે પૈસાને પૂછશું–
અરે ભાઈ પૈસાને પૂજશું–જગતમાં.

(કેશવ. હ. શેઠ.)

ગીત ૩.

કરોળીઆ અને માખીના સંવાદ વિષે.

કરોળીઓ–હું વણકર બહુ કુશળ મોટો. અહા, અહા, અહા.
નથી મારો આ જગે અવર જોટો. " " "
જાળ હું કેવી નામી બનાવું,
આજ હું તુજને ગમત બતાવું. અહા, અહા, અહા.
માખી–નાચતી કુદતી હું રમું ચોપાસ,
પ્રતિબંધ કરે કોઈ ન મુજને ખાસ.
રહું આનંદી હું સદા ન કદી ઉદાસ,

હસી રમી ગમતમાં કરૂં છું નિવાસ.
રૂપ કરૂપ દેખાયજ માહરૂં,
પણ અંતર છે પ્રેમાળ સારૂં. રે પ્રિય સખી.

કરોળીઓ—ઉઠ ઉઠ ફૂલમાં સખી આવ પાસ,
તવ દર્શનની છે મુને બહુ આશ.
જાદુ કપટ છે નહિં અહિં કાંઇ,
નિશ્ચય કર તું જાતે જોઇ. રે પ્રિય સખી.

માખી—ઠીક આવું છું તારૂં મંદિર જોવા,
થાકી પાકી હવે જરા આરામ લેવા.
ફળ મેવો મિઠાઈ એ બધું ખાવા,
નવી નવી રમતને ગમત કરવા.

કરોળીઓ—નહિ સમજી તે કાંઈ આ કપટની જાળ.
ગઇ ફસાઈ જાળમાં થઈ વશ કાળ.
અહા પ્રભુ હા દૈવજ ફળીયું,
આજ દિન ત્રણમાં ભોજન મળીયું.
લાલચથી મન એનું પીગળીયું. અહા, અહા, અહા.

બધાં- થઇ રમત આ પૂરી કરો સુવિચાર,
ઠગ જનનો ન ધરો ભરોસો લગાર.

(મળેલું.)

ગીત ૪.

ઘેલી મુસાફ્રર વિષે.

એક હતી મુસાફ્રર ઘેલી રે, સુણુજો સાહેલી.
તેની આગળ એક તપેલીરે, સુણુજો સાહેલી.
ગઈ રાતની રાખી એઠી રે, સુણુજો સાહેલી.
ઉઠી પ્રભાતે માંજવા બેઠી રે, સુણુજો સાહેલી.
રૂડી રીતે ઘસી ઘસી થાકી રે, સુણુજો સાહેલી.
તોય ડાઘા રહ્યા બહુ બાકી રે, સુણુજો સાહેલી.
રૂડી રીતે તપેલી ઉપાડી રે, સુણુજો સાહેલી.
સામી ભીંતની સાથે પછાડી રે, સુણુજો સાહેલી.
લઇ પથરો તપેલીને કૂટી રે, સુણુજો સાહેલી.
પડ્યાં કાણું તપેલીતો ફૂટી રે, સુણુજો સાહેલી.
થયા બપોર ભૂખ તો લાગી રે, સુણુજો સાહેલી.
પછી વાસણુ માગવા લાગી રે, સુણુજો સાહેલી.
એને વાસણુ ન આપે કોઇ રે, સુણુજો સાહેલી.
પછી રાગ તાણી ઘણુ રોઈ રે, સુણુજો સાહેલી.
તોય થઈ નહિ તપેલી સાજી રે, સુણુજો સાહેલી.
પડી લોકને ગમ્મત ઝાઝી રે, સુણુજો સાહેલી.

ક. દ. ડા.

ગીત ૫.

વિદ્યાની ઉપાસના કરવા વિષે.

બિહાગ.

(જાગને જીવન મ્હારા-એ રાગ.)

સેવો રે સેવો રે શાણા, સરસ્વતી સેવો;
શીતળ સુખદ એવો, મીઠો કોઇ ન મેવો.—સેવો રે.
વિદ્યાનો ખજાનો મોટો, જગમાં ન એનો જોટો;
ખરચે ન ખુટે જ્હેનો, એ તો લાભ કેવો ?—સેવો રે.
લુંટારા લૂંટે ના તેને, ઠગારા ઠગે ના જેને;
ધુતારા ન ધૂતે જ્હેનો, એનો લાભ લેવો.—સેવો રે.
ભાઈ નહિ ભાગ માગે, ભાર લગારે ન લાગે;
તસુએ ખસે ના આઘો, જોવા જોગ કેવો ?—સેવો રે.
સમજી સમજીને શાણી, જ્હેનો બાળાઓ વાણી;
રસીલી રૂપાળી શાળા, સ્નેહ ધરી સેવો.—સેવો રે.

જગજીવન કાલિદાસ પાઠક.

ગીત ૬.

સાચ વિષે.

રાગ-ગઝલ.

અમે તો હિંદની બાળા, સદાયે સાચું બોલીશું;
લઈને સાચની કુંચી, સુખોનાં બાર ખોલીશું.

ભલેને મૃત્યુ આવે તો, ન સાચો માર્ગ છોડીશું;
હથોડી સાચની લઇને, દુઃખોની બેડી તોડીશું.
થશે જય સાચનો નક્કી, અમે તો એજ માનીશું;
કરી કાર્યો સહુ સાચાં, કદર તેનીજ જાણીશું.
કરીશું સાચના સોદા, નહિ બીજુંજ તોળીશું;
અમે તો સાચના સંગી, સદાએ સાચું બોલીશું.
અમારો સાચનો ધર્મ, હંમેશાં એજ પાળીશું;
જઇશું સાચને પંથે, બીજાને ત્યાંજ વાળીશું.
લઇ વ્રત સાચનું તેમાં, અમે કો દિન ભૂલીશું;
બનીને સાચની બ્હેનો, સદાએ સાચું બોલીશું;
ન આવે સાચને આંચ, અમે ધૂન તો લગાવીશું.
અમારૂં લક્ષ્ય સાધીને, કરી ધાર્યું બતાવીશું.
મદદ પ્રભુનીજ માગીશું, ન બીજી સહાય ખોળીશું;
અમે તો હિંદની બાળા, સદાએ સાચું બોલીશું.

સત્યેન્દ્ર ભીમરાવ દીવેટીયા.

ગીત ૭.

ગુલાબ વિષે.

ગુલાબ ફૂલ તું શું મલકાય ?
તુજ મન હર્ષ ભર્યો લ્હેરાય.

નિરખી નિરખીને આકાશ,
કાં કંઇ તું કરતું હાસ.
પવન સંગ તું રંગે રમે,
સુગંધ મીઠી ચોગમ ભમે.
પાંખડિ તુજ કોમળ સુકુમાર,
ધરે રંગ મૃદુ હસતાં વાર.
હસતું રહે ઓ મધુર ગુલાબ !
ભલે ખાલી રહે મુજ ફૂલ છાબ.
હું તુજને તોડી નહિ દમું,
નિરખી દૂરથી સુખમાં રમું.

નરસિંહરાવ.

ગીત ૮.

ડાહી છોકરી અને મૂર્ખ છોકરી.

ડાહી છોકરી—

હરિગીત.

ગુણવંત પ્રાતઃકાળમાં વહેલી ઉઠી પ્રભુને સ્મરે,
નમી ચરણ માતપિતા તણા, પછી દંતધાવન તે કરે.
પુસ્તક ધરી કર કમળમાં, શાળાતણા પાઠજ સ્મરે,
કસરત પછી પયપાન, શિતળ જળવડે સ્નાનજ કરે.

મૂર્ખ છોકરી—

સવૈયા એકત્રિસા.

પ્રાત:કાળ થયો નવ વાગ્યા સૂર્ય ચઢયો આકાશે,
એવી આળસુ મૂર્ખ છોકરી, હજી પડી શય્યા વાસે.
દીવો સળગતો હજી દીસે છે, ભાન ન ઉઠવાનું ભાસે !
ઊઠ ભુંડી દિ' ચઢી ગયો છે એમ કહી માતા ત્રાસે.

ગીત ૯.

જાતે કામ કરવા વિષે.

જાતે કરીએ કામ,
 તો થઇએ બળવંત તમામ.
જાતે કરીએ કામ,
 તો ભોગવીએ સુખ તમામ.
જાતે કરીએ કામ,
 તો દુ:ખ ટાળીએ તમામ.
જાતે કરીએ કામ,
 તો વહેલા થઇએ તમામ.
જાતે કરીએ કામ,
 તો સૌને દઇએ આરામ.

લલિત.

ગીત ૧૦.

ગુજરાતની મુસાફરી.

રાગ-મિત્રો નીતિની શિખામણ સર્વે પાળજો રે.

બ્હેનો સહુ મળી ચાલો ફરીએ ગુર્જર દેશમાં રે,
પ્રથમ રાજનગર રૂપાળું અસલી શહેર;
જીવે ત્રણ તારોપર વડા અહીં વેપારીઓ રે.—બ્હેનો.
પાટણ જઇએ પ્રેમથી, સુડી પટોળાં કાજ;
પંચાસરા પારસ મહીં જુઓ રાય વનરાજ,
ત્યાંથી સિદ્ધપુર જઇને કુમારિકે, કરી સ્નાન ને રે.—બ્હેનો.
આબુગઢ રળિયામણો દેલવાડું દેવધામ,
અંબામાતાએ જતાં રાણો લે છે દણ;
ત્યાંથી ગાડી બેસી, જોવો સોરઠ દેશને રે.—બ્હેનો.
સોરઠની લાડી અને ઘોડી બહુ વખણાય,
જામનગર મોતી સુડી વળી કંકુ બહુ થાય;
જાવું દરીઆમાર્ગે ગોમતી સ્નાને દ્વારકાં રે.—બ્હેનો.
સોમનાથ પાટણ જુનૂં ત્યાંથી જઇશું ગીર,
સિંહ વસે આ દેશમાં નજીક અમરેલી;
પછી તો પાલીતાણે ભાવનગર બંદર પછી રે.—બ્હેનો.
સુધારો સારો કરે શાણા ત્યાંના રાય,
મંદિર કેળવણી તણું, અહીંનું ઠીક ગણાય;
બેસી આગબોટમાં પુરાણું ખંભાતે ગયા રે—બ્હેનો

કાળી ધરતી ભરૂચની કપાસ અનગળ થાય,
લોક શોખીલા સુરતના વિવેકમાં વખણાય;
અહીં તો ઉદવાડામાં પારસીની અગિયારી છે રે—બ્હેનો.

ગોળ ખાઓ ગણુદેવીનો ઊના કુંડ ઉનાઈ,
દર્શન રેવાજી તણાં ચાણોદે કરી લઈ;
પછી તો ગાયકવાડી રાજનગર રહેવું ઘણું રે—બ્હેનો.

સયાજીરાવ સરકાર બહુ સારા રાય ગણાય,
મહેલ કમાટી બાગને સ્વારી દશેરે થાય;
જો પછી ભાવ થશે તો સેવ સુંવાળી ખાઈશું રે—બ્હેનો.

પાવાગઢ પ્રખ્યાત છે મહાકાળીનો વાસ,
ભૂલા પડેલા પથિકને ભીલોનો બહુ ત્રાસ;
અહીંનાં સાગ, મકાઈ, મહુડાં બહુ વખણાય છે રે—બ્હેનો.

જાત્રા રણછોડરાયની કરી જઈશું નડિયાદ,
મુલક ચરોતર આ બધો તમાકુનો બહુ પાક;
અહીંના અમીન લોકો ભણ્યે ગણ્યે હોશિયાર છે રે—બ્હેનો.

બહુ દિવસ ફર્યા ફર્યા કર્યું ઘેર જવા મન થાય,
મહેમદાવાદ આગળ થઈ રાજનગર પ્હોંચાય;
મળીને સગાં સબંધી હરખ્યાં અપરંપાર છે રે—બ્હેનો.

(રા. કુબેરદાસ શીવદાસ પટેલ દેત્રોજ.)

ગીત ૧૧.

ઘડિયાળ.

જુઓ તમે આ કટકટ કેવું, બોલે છે ઘડિઆળ;
ઉતાવળી ધીમી છે કેવી, એ કાટાની ચાલ.
કલાકનો કાંટો આ નાનો, ધીમે ધીમે જાય;
મિનિટનો કાંટો પણ મોટો, ઉતાવળો બહુ થાય.
એકજ ફેરો નાનાનો, મોટાના ફેરા બાર;
મોટો કાંટો મિનિટ દર્શાવે, નાનો કલાક જ સાર.
નિયમિત તેઓ ચાલે ઝડપથી, જરા કરે નહિ વાર;
વખત બતાવે ભણવા માટે, થાઓ હવે તૈયાર.

(મળેલું.)

ગીત ૧૨.

ખીસકોલી વિષે.

તું અહિંઆં રમવા આવ મજાની ખીસકોલી,
તું દોડ તને દઉં દાવ મજાની ખીસકોલી.
તું કેવી હસે ને રમે ! મજાની ખીસકોલી,
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખીસકોલી.
તું જ્યારે ખીલ ખીલ ગાય મજાની ખીસકોલી,
તારી પૂંછડી ઉંચી થાય મજાની ખીસકોલી.

તારે અંગે સુંદર પટા મજાની ખીસકોલી,
તારી ખાવાની શી છટા ! મજાની ખીસકોલી.
તું ઝાડે ઝાડે ચઢે મજાની ખીસકોલી,
કહે કેવી મજા ત્યાં પડે ? મજાની ખીસકોલી.
બહુ ચંચળ તારી જાત મજાની ખીસકોલી,
તું ઉંદર ભાઇની નાત મજાની ખીસકોલી.

રા. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.

ચોથા ધોરણને યોગ્ય
ગીતો.

ગીત ૧.

જમણ વિષે.

ચરણાકુલ છંદ.

રૂપાળી પોળિ પોળીઓ, ઘણા ઘીમાં ઝબોળીઓ,
ઘી ખાંડ દૂધપાકમાં, સ્વાદ ખુબ શાકમાં.
ચઢાવી રાઇ રાઇતે, નથી કશી નવાઇ તે,
વળી ચણા વઘારીઆ, મરી મીઠે સુધારીઆ.
અથાણું એક એકથી, વખાણીએ વિવેકથી,
વડાં વળી સુંવાળીઓ, રચી પુરી રસાળીઓ.
જમો જલેબી લાડવા, પીઓ કઢી પચાવવા,
ભલાંજ ભાત દાળ છે, રસોઇ તો રસાળ છે.

ક. દ. ડા.

ગીત ૨.

દેશનાં પાંચ રત્નો.

રાગ–દોહરો.

બાળક, સ્ત્રી ને ખેડુત, કારીગર ને વૈશ્ય,
પાંચ રત્ન એ દેશનાં ઉદ્ધારે નિજ દેશ.
સ્ત્રીઓ માત છે દેશની પુરૂષ રત્નની ખાણ,
તેની ઉન્નતિ સાધતાં દેશનું છે કલ્યાણ.
દેશની ભાવી પ્રજા ગણી પોષો બાળક વેલ,
એ વેલી ખીલી ફાલતાં દેશની ઉન્નતિ સ્હેલ.
સમૃદ્ધિ ભૂમિ–ગર્ભની ખેડુત લાવે બહાર,

તેની સ્થિતિ સુધારતાં ઉન્નતિની શી વાર?
કાચી દોલત દેશની પરદેશે ઘસડાય,
કારીગર ઉન્નત થતાં તેની સ્થિતિ પલટાય.
આપ દેશી વસ્તુ વાપરો જગવી લોકે દેશ,
ધન રેલાશે દેશમાં વૈશ્ય બને જો એશ.
(મળેલું.)

ગીત ૩.

નાક, કાન, આંખ, હાથ, પગ.

દોહરો.

નાક—

મોઢાનું રૂપ નાક હું, સુગંધનો સરદાર;
કડવી મીઠી વાસ હું, તુરતજ પારખનાર.
સુગંધ ને દુર્ગંધનો, કાઢી આપું સાર; ૧
હું વિણ સૌ જન મુખડું, શોભે શું દરબાર?

કાન—

ભુજંગી.

ભલા શબ્દને વાત કાને સુણાવે;
ભલી બુરી વાતો નકી તે ભણાવે.
રૂડાં કામ તો સાંભળ્યાથીજ થાયે;
નહિ કાન વિના જરાએ ચલાયે. ૨

આંખ—

સવૈયા.

અદ્ભુત રચના કુદરત કેરી જોવાને આંખો સરજી;

જીંદગી માંહે જીવ્યા છતાં જોવાની થાયે મરજી.
આંખ તણો ઉપયોગ સદાએ સૈ કારજની એ અરજી;
ખરૂં અને ખોટું પારખવા આંખજ ઉપયોગી ઉપજી. ૩

હાથ—

દોહરો.

હામ દામ ને ઠામ પણ જો નવ હોયે હાથ,
કામ ન થાયે કોડીનું ચોકસ કંઈ દિન રાત.
હામ દામ ને ઠામથી સરશે સઘળું કાજ,
પણ સૌનું સોખાણ છે સમજી લેજે હાથ.
લેખ લખાયે હાથથી હુન્નર કરે હજાર,
દાન પ્રાણ દે હાશ તો સાચાનો સરદાર. ૪

પગ—

દેશ વિદેશે જો જશે હશે કદી જન પાય,
રાય અને કંગાલને ખપ તેનો જગમાંય.
ફરો હરો સુખ સાથ સૌ ગણો મને સરદાર,
પગ રાજા સૌ અંગનો મુજ પર છે આધાર. ૫

પ્રેક્ષક—

ગુમાન સૌ છોડો તમે, મારાથી છો સર્વ;
પણ હું એ છું તમ વડે, માટે શેનો ગર્વ,
એક એકથી સર્વ છો, મોટો છે કિરતાર;
ટંટો છોડો આપણે, સંપે કરો વિચાર. ૬

(મો. ક. હેલવાડાકર.)

ગીત ૪.

ચોમાસા વિષે.

(ગરબી.)

ગગને ગાજ્યો ઘન ઘોર, ચોમાસું આવ્યું રે;
વધ્યું વાદળીઓનું જોર, ચોમાસું આવ્યું રે.
જગ જગ જામ્યો અંધકાર, ચોમાસું.
થાય વીજળીના ચમકાર, ચોમાસું.
ગાજે મેઘ ને ગડગડ થાય, ચોમાસું.
લ્હેર મીઠા વાયુની વાય, ચોમાસું.
પડે ઝરમર ઝરમર નીર, ચોમાસું.
ભરે નદી સરોવર તીર, ચોમાસું.
તીર તોડી પાણી વહી જાય, ચોમાસું.
ભીંજે ધરતી ને ધાન્યજ થાય, ચોમાસું.
આ ધાન્યથી જગથી જીવાય, ચોમાસું.
ઇશ ગુણ કેમ તારા ગણાય, ચોમાસું.

ગુ. શા. પત્ર.

ગીત ૫.

નિરાશ ન થશો.

તોટક.

પ્રિય બાળ! કદી ન નિરાશ થવું,
ધરી હોંશ સદા ફરીથી મથવું;

કદી કામ હશે, અધરૂં પણ એ,
ફરીથી કરતાં ઝટ પૂરૂં થશે—૧
ભૂલતું નથી કોણ કહો જગમાં?
ભૂલ થાય બધાયની ભૂતળમાં,
પણ જે જન ખૂબ ફરી મથતા,
જગમાં બસ તે જયવંત થતા.
તજી આળસ ઉદ્યમ રોજ કરો,
સહુ બાળક હિંમત ખૂબ ધરો;
કદી નિષ્ફળતા મળી તોય મથો,
નહિ કાળ ગુમાવી રહો અમથો.
પરમેશ્વર ઉદ્યમની મદદે,
પણ આળસુને કંઈ લાભ ન દે;
સહુ બાળ! શિખો શુભ સૂત્ર ભલું,
કદી કામ વિષે ન નિરાશ થવું.
(ધીરજ.)

ગીત ૬.

સાચ વિષે.

(ગરબી.)

અમે સાચે સાચું કહીએરે, એજ અમારી છે રીતિ.
અમે દુરજનથી દૂર રહીએરે, એમાં ન્યાય અને નીતિ.
અમે સજ્જનમાં જઈ વસીએ રે, એજ.

અમે ખામી દેખી ભાગીએ રે, એમાં.
દીનનું દુઃખ ટાળી ઠરશું રે, એજ.
અમે પાપીને પરહરશું રે, એમાં.
અમે દુઃખની વારે ધાઈએ રે, એજ.
નહિ લાલચમાં લેવાઈએ રે, એમાં.
અમે સત્યને કાજે મરીએ રે, એજ.
અન્યાય થકી ઓસરીએ રે, એમાં.
અમે દુઃખમાં ધીરજ ધરીએ રે, એજ.
અમે ડાઘ પડયાથી ડરીએ રે, એમાં.
અમે એકવચનથી રહીએ રે, એજ.
અમે જુઠ જાણી નવ જઈએ રે, એમાં.

ગુ. શા. પત્ર.

ગીત ૭.

પ્રભાત વિષે.

(આજ શ્યામ મોહે લીનો બાંસુરી બજાઇકે—એ રાગ.)

ખીલતું પ્રભાત પ્રાત રાત વીતી જાય છે;
રાત વીતી જાય, રમ્ય તેજ બ્હે છવાય છે.—ખીલતું.
પૂર્વ દિશા લાલ લાલ, હીંગળોક શી રસાળ;
લાલ લાલ કિરણ વિષે, દશે દિશા ન્હાય છે.—ખીલતું.
ચકચકતો હતો ચંદ, તેજમાં દિસે છે મંદ;
ઝીણા ઝીણા તારલાઓ, તેજમાં છવાય છે.—ખીલતું.

પંખી કરે મધુર ગાન, ધ્યાનીઓ ધરે છે ધ્યાન;
ઘંટી તણા ઘેર ઘેર, સૂર સંભળાય છે–ખીલતું.
ઉઠો મારા વ્હાલા લાલ, મુખડું બતાવો રસાળ;
એવો મીઠો બોલ બોલી, માતા મલકાય છે.–ખીલતું.

જગજીવન કાલિદાસ પાઠક.

ગીત ૮.

માતપિતાની સેવા.

બરવા પીલું.

માતપિતાને નમન નિત્ય કરીએ, કેમ કહો ઉપકાર વિસરિએ ?
પાલણ પોષણ પ્રેમે કરે છે, બાળકને ઠીક દેખી ઠરે છે,–
વેઠે વિપત્તિ પડે તે અપાર, થાવા ન દે દુઃખ જેથી લગાર.–માત.
સંકટ આપણ સહુનાં કાપે, આનંદ લાખ ઉપાયથી આપે.–માત.
સાચી શિખામણ અંતથી કરતાં, આપણનાં દુઃખ દેખતાં ડરતાં;–માત.
ભણતર ભાવ ધરીને ભણાવે, જોર જુલમ તજવાનું જણાવે.–માત.
અક્કલ વધારે બધે લાભકારી, બોલીએ ચાલિયે વાત વિચારી;–માત.
વિનય વિવેક વધે છે વધારે, એ માતતાતને સઘળે સુધારે;–માત.
ચિન્તા કરે ચિત્તમાં જે અમારી, એ માતતાત તણી બલિહારી;–માત.
હુકમ કરે તે કરો કર જોડી, એના વિના આપણું મૂલ કોડી;–માત.
માતપિતાનું કહ્યું જે ન માને, નરક વિષે તે પડે અભિમાને;–માત.

કેશવલાલ હરિરામ

ગીત ૯.

હાથ જોડી ના બેસો.

કાફી.

હાથ જોડી ના બેસો રે બ્હેનો, હાથ જોડી ના બેસો.
કરવું હરિને હાથ ખરૂં, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસીજ રહેતાં, ખાશો જગતની ઠેશો.–રે બ્હેનો.
મેઘ વરસશે મૂશળધારે, તે શું જોઈજ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?–રે બ્હેનો.
ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો,
હરિ હરિ કરતાં આ હીન દશા કરી એમાં શો અંદેશો ?–રે બ્હેનો.
સુતેલા પણ સિંહતાણે મૂખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી તે ઠાર કરે તોજ, ઠારી શકે મુખ કલેશો.–રે બ્હેનો.
આ નથી, તે નથી, એમ કહી પણ કાયર થઇ નવ કહેશો,
ધનથી પણ સાધ્ય છે મે હું, પાધરે યત્ન પ્રવેશો.–રે બ્હેનો.
યત્ન ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી પડી સડી વહેશો,
બ્હેનો ઉઠો પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો.–રે બ્હેનો.

(અરદેશર ફેરામજી ખબરદાર.)

ગીત ૧૦.

મેઘ–ધનુષ.

ઉપજાતિ.

નભે છવાયાં ઘન વાદળાંઓ,

હજી નમેલો ક્ષિતિજે દિવાકર.
આખું દીસે મેઘધનુ વિરંગી,
ક્ષણિક રંગી સુરલોક સંગી.
કપોલકલ્પિત કથા ઘણીએ,
લખાઈ વંચાઇ હજી રહી છે.
ભર્યા કમાને સહુ સાત રંગો,
પ્રકાશની ચાળણીમાં પડે તે.
દયા કરી દેવ ધનુષ્ય આપો,
ઊંડે ન તેવું મહીં તેજ સ્થાપો.
કલ્પિત ઘોડે ચઢી હાથ ઝાલું,
બની સુધન્વા મનમાં હું માલું.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૧૧.

સેવાનાં સંતાન!

(ગરબો.)

અમે સૌ સેવાનાં સંતાન!
સદંતર એજ અમારી સાન;
અમે સૌ સેવાનાં સંતાન!
હેમકૂટ ત્યાં હંસ તરંતા,
તળાવડે સ્વરજ્ઞાન;
નિર્મળ જળ ખળખળ ઝળકે,

કરી સેવકનાં સન્માન;
અમે સૌ સેવાનાં સંતાન !
કરો શુભ શુચિતા સુખકર સ્નાન,
અમે સૌ સેવાનાં સંતાન !
સુગમ પન્થ ને અનુપમ વાટડી,
સેવા મંદિર સ્થાન;
દિવ્યમંત્ર "સેવા સેવા" બસ
સેવકનાં એ તાન;
અમે સૌ સેવાનાં સંતાન !
જગવતા જયો જયો જયગાન,
અમે સૌ સેવાનાં સંતાન !
સેવામૃત સુખ વૈભવ સમજી,
નિશદિન ત્યાં મસ્તાન;
હૃદય નાચતાં મુખ મલકાતાં !
પીઓ પીઓ મધુપાન;
અમે સૌ સેવાનાં સંતાન !
અહો ! બસ બની બની ગુલતાન,
અમે સૌ સેવાનાં સંતાન !
સદંતર એજ અમારી સાન !
અમે સૌ સેવાનાં સંતાન !

કૃષ્ણદાસ ગોવિંદજી આસર.

પાંચમા ધોરણને યોગ્ય
ગીતો.

ગીત ૧.

સૂતરને તાંતણે હોઃ બ્હેન !

સૂતરને તાંતણે હોઃ બ્હેન !
ચાલે સંસારી ઘરસૂત્ર,
ધરીએ સ્હાગી મંગલસૂત્ર.
ચાલે લલિત સુદર્શન ચક્ર,
ધરિએ માત્ર સ્વદેશી વસ્ત્ર—
સૂતરને તાંતણે હોઃ બ્હેન !
ચાલે નવજીવનનાં તંત્ર,
ધરિયે મનમોહનના મંત્ર,
ચાલે સ્વરાજ્યના એ સંઘ
ધરિયે સ્વતંત્રતાના રંગ—
સૂતરને તાંતણે હોઃ બ્હેન !
ચાલે સતિઆના સંબંધ,
ધરિયે પ્રેમળ પ્રાણસુગન્ધ;
ચાલે ચમક સ્વદેશ હાલ,
ધરિયે તિલક વીરને ભાલ.
સૂતરને તાંતણે હોઃ બ્હેન !
ચાલે ભક્તહિતે ભગવન્ત,
ધરિયે છત્ર દીનને અનન્ત;
ચાલે સરલ જીવિત બલવન્ત,

ધરિયે જ્ઞાને હૈયે હિન્દ !
સૂતરને તાંતણે હો: બ્હેન.
"લલિત."

ગીત ૨.

ગુલાબનું ફૂલ.

રાગ–ગઝલ.

પ્રભુ તારી સકળ રચના....
મૂકેલી પુષ્પના પડમાં,
સુગંધી પુષ્પની લઇએ....
ઠરે આત્મા તને જોઇએ. ૧.

ખૂબી અહા શી પુષ્પોમાં...
ઉદાસી સૌ હરે મનની,
બનાવ્યું પાંખડી જોડી....
ખૂબી કર્તાતણી થોડી ? ૨.

આકર્ષણ જંતુનું કરતું....
ફલોદ્ભવ કાર્ય ત્યાં બનતું,
ગુલાબી ફૂલ તું મધુરૂં....
વખાણું શું તને અધુરૂં ? ૩.

ઝુલે ઘેરાં લીલાં પાને....
ઝુલે તે જ્યમ રમે માને.
પ્રભુના જગ બગીચામાં....
રમો સહુ દેવ સંતાનો. ૪.

બ. સો. સોલંકી.

ગીત ३.

અચિંત રહેવા વિષે.

ચિંતા ન કરરે (२) અચિંત રહો રે...મન.
દેવેગા તુજ કો....પેદા કરનહાર—ચિંતા.
ઈત તૂંહી, ઉત તૂંહી,
જલ તૂંહી, સ્થલ તૂંહી.
નૈયા હમારી......પાર કરનહાર—ચિંતા.
(મળેલું)

ગીત ४.

દર્પણ વિષે.

લાવણી.

મુખ દેખ દર્પણે નિત્ય ઉઠતાં વ્હાણે;
મુખ દેખ દર્પણે નિત્ય બેસતાં ભાણે;
મુખ દેખ દર્પણે નિત્ય ચાલતાં વાટે;
મુખ દેખ દર્પણે નિત્ય તોળતાં હાટે;
મુખ દેખ દર્પણે નિત્ય બોલતાં વાણી;
મુખ દેખ દર્પણે નિત્ય સુણતાં કહાણી;.
નિજરૂપ દર્પણે દેખી કાર્ય સહુ કરજે;
લઇ આંખી આપની પ્હેલી અન્ય ભણી વળજે.
(રાઇનો પર્વત.)

ગીત ૫.

ચંદ્રરાજને.

(બિહાગ.)

હો ધન્ય તારો ઉદય આજે
પ્રિય મનોહર ચંદ્રરાજ !
તુજ દર્શને ભરતી ચઢી મમ
હૃદય સાગર ચંદ્રરાજ ! ૧
મૃદુ શીતળ સ્પર્શે રોહિણી
સખીને રીઝવતો ચંદ્રરાજ !
વળી વાદળીના વૃંદને
રસથી ભીંજવતો ચંદ્રરાજ ! ૨
જો થા ઘડીભર સ્થિર તો હું
આવું ઉડતો ચંદ્રરાજ !
સખી સંગ લઇ તુજ પેર અમીરસ
ઝીલતો હો ચંદ્રરાજ ! ૩
સખી નયન કાજળના તને
ડાઘા પડ્યા સુખ ચંદ્રરાજ !
તુજને બતાવું રસિક તો દિલ
ધરીશ ના દુ:ખ ચંદ્રરાજ ! ૪
અમ વદન પર પણ જગતના બહુ
ડાઘ છે જો ચંદ્રરાજ !
પ્રિય મધુ સુધારસ રેડી એની
આજ તું ધો ચંદ્રરાજ ! ૫

સંતપ્ત હૈયાં આ અમારાં
વિશ્વ ભટકે ચંદ્રરાજ !
સુખશાંતિમય તુંમાં શીતળતા
જોઈ અટકે ચંદ્રરાજ ! ૬
અમ વિષમ ક્લેશ શમાવવા ચિત્ત
પ્રેરવા પ્રીત ચંદ્રરાજ !
ઓ વીર ! જ્યોત્સ્નાના રસ રહેતું
રેડતો નિત ચંદ્રરાજ ! ૭

(રા. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.)

ગીત ૬.

અનેરી આશા.

સ્મિત ભરી સહચરી નિરંતર કાર્ય ધુરંધર બનશે;
અંતરનાં કંઈ હેત અનેરાં ઉર છલાછલ ભરશે,
ત્યારે અમી ઝમશે, શાંતિમાં દુઃખડાં શમશે. ૧
સજાત જોડા જાત-ભોગથી પરહિતમાં પરવરશે;
અડગ ધૈર્ય ને શૌર્ય ભર્યા સંતાન હિંદમાં સરશે,
ત્યારે દેવો અવતરશે વિરલા નરવીર તરવરશે. ૨
પોતાનાં પ્રિય દેશીજનનાં દુઃખ પરસ્પર ધરશે;
જન્મભૂમિનાં ભોળાંભાંડુ ભેળાં હળશે મળશે,
ત્યારે પ્રભુતા સંચરશે, સ્વર્ગસમ સુંદર હિંદ થશે. ૩

હિંદજનો અર્ણવ ડુબવશે ને બ્રહ્માંડ નચવશે;
ડગમગતા ડુંગર ડોલવશે, રંગ રાગે રેલવશે,
એવું ઐક્ય થશે એવી લલિત લીલા ખીલશે. ૪
("લલિત.")

ગીત ૭.

' સરસ્વતી સ્તવન '

(સવૈયા.)

જય વીણા ધારિણી મયૂર વાહિની;
દેવી ભારતી, તું જગ માત.
કવિવર મુનિવર તુજ ગુણ ગાતા;
સકળ વિશ્વમાં તું વિખ્યાત. ૧
આદ્ય શક્તિ વાગેશ્વરિ દેવી;
કૃપા તાહરી જે પર થાય.
તે જન બુદ્ધિ કીર્તિ પામે;
એવી દાતા, તું જગ મ્હાંય. ૨
પામર જન કદિ તુજને સેવે;
ક્ષણું એક તું રાજી થાય.
પુષ્પ કળી જો, તેને અર્પે,
સકળ વિશ્વમાં તે વંદાય. ૩
કૃપા તારી યાચું શારદા;
ભક્ત-વત્સલ, તું કર સહાય.

બ્રહ્મચારિણિ, હંસવાહિની;
દેવી તુજને લાગું પાય. ૪
(લેખક–મોતીલાલ રણછોડલાલ વ્યાસ.
સ્કુલ માસ્તર છિલોદ્રા. જી. ભરૂચ.)

ગીત ૮.

મેમાનગીરી.

મેમાનગીરી.

સમજું નહિ મેમાનની, મેમાનગીરી શું કરૂં ?
તારી કૃપાનું પાત્ર બનવા, શા શા મનોરથ આદરૂં ?–ટેક.
તારી સ્વારીના મૃદુ, મુજ કાનમાં પડઘા પડે;
કયા ગીતથી આદર કરૂં, શોભા ધરૂં શી શેરીએ ?
પધરાવતા મુજ આંગણે, તારે ચરણ હું શું ધરૂં.—સમજું.
તુને બનાવું કૃષ્ણ મ્હારો, હું બનું તુજ બંસરી,
તારા હૃદયના ગાનની, બ્રહ્માંડમાં ભરતી ભરૂં.—સમજું.
તારી કૃપા વૃષ્ટિ ભરી, હૃદયે મીઠું ઝરણ બનું;
તુજ પ્રેમની સરિતા બધે, પ્રસરાવતું રમતું ફરૂં.—સમજું.
માથે રવિનું તેજ પાથરવા, બનું તુજ ચંદ્ર હું;
હું શ્યામ પણ તુજ રમ્ય જ્યોતિ દાખવી તિમિર હરૂં—સમજું.
તું છે બધું, હું કોઈએ છું ના, છતાં દૃઢતા ધરી;
મુજ હૃદય મંદિરમાં તને પધરાવતાં શાને ડરૂં ?—સમજું.
(કપિલરાય.)

ગીત ૯.

ફૂલોનું ફૂલ.

ફૂલોની ફૂલવાડી આ બહુ મ્હેકી રહી,
વિધવિધ રંગે કુદરત ત્યાં જાતી વહી;
જોતાં જોતાં દીલડું ડુલી જાયરે,
મારૂં ફૂલ ચડશે ફૂલોના ફૂલને !
સહુ સહુના ફૂલડાની સહુને પ્રીત છે,
જુદે જુદે રંગે જુદાં ચિત્ત છે;
જુદા માળી જુદી પોષક રીતરે,
મારૂં ફૂલ ચડશે ફૂલોના ફૂલને !
કોઇનું ફૂલ અર્પે પ્રેમ સુવાસને,
કોઈ ખીલી શોભાવે નિજ આવાસને;
વિકસે મારૂં ફૂલ બીજાને કાજરે,
મારૂં ફૂલ ચડશે ફૂલોના ફૂલને !
કો રંગે કો સુવાસે રસ રેલતાં,
કો ફૂલડાં ખીલીને પાછાં ખરી જતાં;
મારે ફૂલડે ખીલે બીજાં ફૂલરે,
મારૂં ફૂલ ચડશે ફૂલોના ફૂલને !
સઘળાં હમણાં જુદા રંગે ઝુલતાં,
કો ખીલતાં કો ખરતાં પાછાં ખીલતાં;

આખર ખીલશે ફૂલોને એ ફૂલરે,
મારૂં ફૂલ ચડશે ફૂલોના ફૂલને!

રાયચુરા—રાસમંદિરમાંથી.

ગીત ૧૭.

મ્હારે જાવું પેલે પાર.

મ્હારે જાવું પેલે પાર,
હવે માછીડા! હોડી હંકાર;
મ્હારે જાવું પેલે પાર.
જમણે કાંઠે મથુરા નગરી,
ડાબે ગોકુળ ગામ;
આ આરે મ્હારી દેહ ઉભી છે,
ત્ય્હાં છે આતમરામ;
મ્હારે જાવું પેલે પાર.
આભનો સાગર જલ જલ ભરિયો,
મંહી સૂરજ ને સોમ;
આ આરે છે ધરતીની ભેખડ,
ત્ય્હાં છે ચેતનભોમ,
મ્હારે જાવું પેલે પાર.
હલકી હેલે આયુષ્ય ઉછળે,
જગના વાયે સમીર;
આ આરે મ્હારી આશાની કુંજો,

ત્‌હાં છે પ્રેમ મંદિર;
મ્હારે જાવું પેલે પાર.
હવે માછીડા! હોડી હંકાર,
મ્હારે જાવું પેલે પાર.
ન્હાનાલાલ દલપતરામ કવિ.

ગીત ૧૧.

વન.

(ગરબો.)

અનુપમ વન સોહાય ઓ સખી!
વૃક્ષ લસિત સોહાય ઓ સખી!
હસિત સુલતા સોહાય ઓ સખી!
દિવ્ય ઓજસ ભર્યું વન સોહાય, પરિમલ રમ્ય છવાય.—અનુપમ.
રમ્ય સરીત ચંદ્રીની રેલાય, રૂપેરી તરંગમાં નવાય.—અનુપમ.
સુગુલ સોહાય સુફલ સોહાય, ગુંજીત વૃક્ષનો ના સુણાય,
અમૃત પાય, સુણી તુજ સંગીત મન વિલસાય,
દૈવી નાદ સુણાય.—અનુપમ.
પશુ પંખીનો નાદ સુણાય, સુણી મન ઘેલું થાય.—અનુપમ.
ઓજસ ઝીલાય, સુમંત્ર પમાય, ચૈતન અર્પિત પ્રેરણા પાય,
આદેશ પમાય, અંતરીક્ષ પડઘા પ્રભુના સુણાય,
ભાન જીવનનું થાય—અનુપમ.
શાશ્વત જીવનાન્દ પમાય, જીવન લ્હાણું લેવાય.—અનુપમ.

છઠ્ઠા ધોરણને યોગ્ય
ગીતો.

ગીત ૧.

માતૃદેવ.

(અરે રૂડો માનવ દેહ આવ્યો-એ રાગ.)

સંસારમાં પ્રથમ દર્શન જેનું કીધું,
ખોળે રમી હૃદય અમૃત ખૂબ પીધું.
જેને વિજોગ રજઆંખ ધરે ન શાતા,
એવી નમું જનની વત્સલ મારી માતા. ૧
જેને લીધે અધિક ચિત્ત પ્રસન્ન થાયે,
ને જ્ઞાનનું સુભગ તેજ સુખે સુહાયે.
સંસ્કાર સુંદર અપૂર્વ વિશુદ્ધ વાચા,
એવી નમું પ્રિય સરસ્વતી ધર્મ માતા. ૨
જે લોકને પરમ પંચ રસે ઉછેરે,
ને અંતરે સરળ સાત્વિક ભાવ પ્રેરે.
જે એક આર્ય જનના ધનની વિધાતા,
એવી નમું ગરવી ધેનુ પવિત્ર માતા. ૩
જે માટીનું સકળ સૃષ્ટિ શરીર આવ્યું,
જે અન્નથી અખૂટ ચેતન અંગ લાવ્યું.
જે ભસ્મમાં મરણ કાળ સૌ સમાતા,
એવી નમું અમર ભારતી પ્રાણ માતા. ૪

(મળેલું.)

ગીત ૨.

ઉષાનું.

કંઈ સાગરને સીમાડે રે,
કંઈ ધરતીને પરથારે રે,
કંઈ ડુંગરીયાની ધારે રે,
કંઈ આરે ચંપકવરણી—
ઉષા....ઉઘડી રે !

કંઈ ભમરાના ગુંજનમાં રે,
કંઈ કોકિલાના કૂજનમાં રે,
કંઈ પ્રભુલીલા પૂજનમાં રે,
કંઈ વનમાં ચંપકવરણી—
ઉષા...ઉઘડી રે !

કંઈ ઘંટી મધુરી વાજે રે,
કંઈ ગોરસમંથન ગાજે રે,
કંઈ હર્ષભર્યાં તન તાજે રે,
કંઈ રાજે ચંપકવરણી—
ઉષા....ઉઘડી રે !

કંઈ પ્રભાતીઆની હલકે રે,
કંઈ ઝાંખી ચંદા ઝળકે રે,
કંઈ ઊઠ્યાં બાળક મલકે રે,

કંઇ છલકે ચંપકવરણી—
ઉષા....ઉઘડી રે !

(રા. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ.)

ગીત ૩.

દૈવની ગતિ છે ન્યારી.

(શું કહું કથની મારી—એ રાગ.)

દૈવની ગતિ છે ન્યારી...બ્હેન, દૈવની ગતિ છે ન્યારી.
સઘળી મર્ત્યભૂમી દુઃખીઆરી બ્હેન, દૈવની ગતિ છે ન્યારી.
ભૂતળ ઉપર ભાતભાતની, અગણિત જીવતણી જાતિ;
કોઇ કહે સૌ કર્મ ઉપજે, ઉત્સાહ નાખ્યો મા....રી—બ્હેન.
આ દુનિયામાં લોભ વૈભવની, બેઠી રાત અંધારી;
અહંકારી ભાનુ પ્રકાશ્યો, સૌની કરે હાડમા....રી—બ્હેન.
સ્વાર્થ શત્રુ પેઠો દીલમાં, માયા કરે ખુવારી;
અક્કલ તેમાં ગુમ થઇને, કામ કરે અવિચારી—બ્હેન.
ઇશને ત્યાંતો સર્વે સરખાં, મનુષ્યને નથી ગણના;
ઉંચ નીચની જાતિ કહે છે, ભેદ રાખે અતિ ભારી—બ્હેન.
કોમળ બાળક દુઃખે પીડાએ, સેવા કરો દીલ ધારી;
અદ્‌ભુત ખેલ જગકર્તાનો, નજરે જોયો નિહાળી—બ્હેન.
પરદુઃખ દેખી દાઝ અંતરમાં, ધરો ઓ બેન હમારી;
અમૂલ્ય અવસર ખોવાઇ જાશે, ચેતી કરો તૈયારી—બ્હેન.

જ્ઞાનદિપક જ્યોતિ પ્રગટાવી, સ્વદેશ ભક્તિ ધારી;
ઘટઘટ પ્રત્યે વાસ વસીને, આતુર કરે નરનારી—વ્હેન.
મોહમમતને નાખો કાપી, સ્નેહનું નીર વરસાવી;
હે પ્રભુ આ બાળાની વિનંતિ લેજો હૃદયમાં ધારી—વ્હેન.

જયાગૌરી મોહનલાલ પંડ્યા.

ગીત ૪.

અષાડી મેઘ.

ઇન્દ્ર તણી નભધેનુ સરખી,
જળભર વાદળીઓ શિર ઝુકી;
શીતળ ભીનો પવન સર્યો,
વાદળ દળમાં વીજ ઝબુકી;
ક્ષિતિજમાં અંબર ગગડ્યો.
ઘન ગગન અષાડી ઘોર ચઢ્યો—ઇંદ્રતણી.
ઘેરાં નીલાંબર તન ધારી,
વાદળીઓનાં વૃંદ ફરે,
અમૃતજળઝારી કર ધારી,
હસતી રમતી ઝરમર ઝરે !
અરસપરસ પાલવ પકડ્યો.
ઘન ગગન અષાડી ઘોર ચઢ્યો—ઇંદ્રતણી.

સુરપતી રણુસંગ્રામ ચઢયો શિર,
મેઘાડંબર છત્ર રચ્યું,
વા વંટોળો વાવાઝોડું.
ઝડુડ ફડુડ **ઘમસાણુ** મચ્યું !
આભ અહાહા ઉખળી પડ્યો !
ઘન ગગન અષાડી ઘોર ચઢયો---ઇંદ્રતણો.
સૂરજને પકડી લઈ પૂર્યો,
ગ્રીષ્મ ઉપર અતિ કોપ કર્યો.
ઘટાટોપ ચોગરદમ ઘેરી,
વરુણુ–અસ્ત્ર લઇ વિફર્યો !
ઘન ગગન અષાડી ઘોર ચઢયો—ઇંદ્રતણો.
ગિરિવર સરખા મેઘખંડમાં,
વિદ્યુત વજ્ર સમી સળકે,
એની ઝપટે કડકડ કરતો,
આભ નીચો જાણું લળકે !
હમણાં એ પડશે કે પડયો !
ઘન ગગન અષાડી ઘોર ચઢયો—ઇંદ્રતણો.

(શ. ત્રિ. ગૌ. વ્યાસ.)

ગીત ૫.

વસન્તનાં વધામણાં.

(ગરબો.)

બોલે બોલે કોયલડી મદશોર,
    વસન્તનાં વધામણાં સખી !
ટિહુ ટિહુ કરે કલ્લોલ,
    વસન્તનાં વધામણાં સખી !
નવો વસન્ત નવું બોલે પપૈયા,
    ઉડે પડછન્દ નવરંગ રે !
ઘેરી ઘેરી વાદળીઓ ઓરી ઓરી આવે,
    પાસે આવી દુર જાય,
    વસન્તનાં વધામણાં સખી !
    આવ્યો વસન્તરાજ,
    વાટ જોવરાવી આજ,
    મહોત્સવ ઉજવીશું રસરાજ !
    વસન્તનાં વધામણાં સખી !
ન્હાનીશી બાલાઓ પાણીડે સંચરે,
    મસ્તએ ચુન્દડી ભિંજાયરે !
નવો વસન્ત નવાં બાલાનાં યૌવન !
    હૈયાં કરે રસબોળ,
    વસન્તનાં વધામણાં સખી !

ઘેલીતુર બાલાઓ,
ને ઘેલાં નવ યૌવનો,
કેમ કરી કહો સચવાય ?
વસન્તનાં વધામણાં સખી !
ફાલ્યો આંબલીયો આ લિલુડા રંગનો,
આવ્યો કુણો કુણો સખિ મ્હોરરે !
નાચી, કરે નૃત્ય મોરલા રૂપાળા,
એક મોરલો ને એક ઢેલ.
વસન્તનાં વધામણાં સખી !
શરમાળ બાલાને, નેત્રભાષા ના'વડે,
મુગ્ધાથી કેમ સમજાય ?
વસન્તનાં વધામણાં સખી !

દામોદર રાઘવજી દોશી.

ગીત ૬.

ઉનાળા વિષે.

(ઇશ્વરની અદ્દભુત છે શક્તિ-એ રાગ.)

વસંત મદભર છકમાં નાચી,
વિધવિધ રંગે ફૂલી ફાલી.
વન ઉપવન જંગલમાં રાચી,

હિંડોળે ઝુલંતિ આલી
ત્યાંતો રાતો તાતો થાતો—
　　આવ્યો ઉનાળો ધમધમતો ! ૧

લીલી લીલી મંજરીઓની,
કરમાણી સુકોમળ કાયા.
કેસર ભરીઆં કેશુડાંયે,
ખરી પડીને ભોંય છવાયાં;
ખટરસ મીઠે ફળ લુમઝુમતો—
　　આવ્યો ઉનાળો ધમધમતો ! ૨

ભભક વસંતી પ્રૌઢ બનીને,
ઘેરે રંગે રહી વિરાજી !
ઘેરાં ઉપવન પંખી–કલરવ,
ઘેરી કોયલડી રહી ગાજી !
ઘેરો સૂરજ ઉગી નમતો;
　　આવ્યો ઉનાળો ધમધમતો ! ૩

મીઠાં મંદ પવન શીતળ જળ,
મીઠાં ચંદન હોજ ફુઆરા;
મીઠાં ફળ ને મધુરાં ફુલડાં,
મીઠી ચંદાની રસધારા !
મીઠી કુંજ નિકુંજે રમતો—
　　આવ્યો ઉનાળો ધમધમતો ! ૪

સુકાં રણુ ને સુકા વગડા,
સુકાં નાનાં નદી ને ઝરણું,
સુકે ડુંગર દવના ભડકા !
દોડે મૃગજળ દેખી હરણું,
કપોત નિર્જનમાં ઘૂઘવતો;
આવ્યો ઉનાળો ધમધમતો ! ૫

રા. ત્રિ. ગૌ. વ્યાસ.

ગીત ૭.

મિત્ર વિષે.

રાગ-કેદાર તાલ પંજાબી.

અત્યુત્તમ પદ મિત્રતણું આ સંસારે સમજાય,
આ અવનીમાં અન્ય ઘણાં જે સુખનાં સાથી થય.—અત્યુ.
માતાપિતા ભ્રાતા થકી વળી ગુપ્ત પ્રિયજન સ્વજનથી,
જે ગુપ્તમાં પણ ગુપ્ત તે પણ ગુપ્ત મિત્ર થકી નથી;
મિત્ર રત્નથી આ ભવરણુની સફર સફળ થઇ જાય.—અત્યુ.
સમૃદ્ધિ ચૌદ ભુવન તણી પુરૂષાર્થે મળવી સહેલ છે,
સદ્ભાગ્ય વિણુ સન્મિત્રની પ્રાપ્તિ મહામુશ્કેલ છે;
શબ્દ લઘુ પણ અર્થ અધિક બે અક્ષર માંહી સમાય.—અત્યુ.

(રા. આ. અ. દવે.)

ગીત ૮.

ઇ. સ., સંવત, અને શાક વિષે.

રાગ દોહરો.

જાનેવારી જાણજો, ફેબ્રુઆરિ ફરી હોય;
માર્ચ એપ્રિલ મે પછી, જૂન જુલાઈ જોય. ૧
એ પછી માસ ઓગસ્ટ છે, સપ્ટેમ્બર સુખધામ;
અકટોબરના અંતથી, નક્કી નવેમ્બર નામ. ૨
પછી ડીસેમ્બર દેખીને, ખરેખરી કર ખોજ;
તો તેના ત્રણસેં અને પાંસઠ પૂરા રોજ. ૩
ચાર છ નવ અગિઆરમાં તેના તો દિન ત્રીસ;
અવરે એકત્રીસ છે, બીજે અઠ્ઠાવીસ. ૪
ચહ્લુ ચોથા વરસનો બીજે જે બોલાય,
તે તો ઓગણત્રીસનો ગણતાં એમ ગણાય. ૫
પણ સૈકાના વરસમાં અઠ્ઠાવીસ લખાય,
દર ચોથા સૈકા વિષે ઓગણત્રીસ લખાય. ૬
વરસ બેસતાં બારમી તારીખ તે સંક્રાંત,
જુન પાંચમીએ જઇ મળે, રવિ મૃગશર નહિ ભ્રાંત. ૭
તાપ તપે મે માસમાં, જૂન ગરજે ઘમઘોર,
અકટેબરમાં અળસે, જળ વરસ્યાનું જોર. ૮
ઇસવીસનના આંકમાં છપ્પન ભેળીએ છેક,
સવંત વિક્રમનો વળી આવે એજ વિવેક. ૯

એ સંવતથી એકસો તથા ઘટે પાંત્રીસ, *
શક શાલિવાહન તણો, ચૈત્રે ચઢચો કહીશ. ૧૦
આ એકાદશ દોહરા કર્યા સર્વને કામ,
વિગતે અમદાવાદમાં રહીને દલપતરામ. ૧૧

ક. દ. ડા.

ગીત ૯. (ગરબો.)

અમીની રેલ વિભુ ! વરસાવ.

અમીની રેલ વિભુ ! વરસાવ,
જગતમાં પ્રેમભાવ પ્રસરાવ.
ન્હાના મ્હોટા, રાય ફકીરો, રંક અને ધનવાન,
સર્વે બાળક ત્હારાં, છે તું એક પિતા ભગવાન;
પિતાજી ! પ્રેમભાવ પ્રસરાવ,
અમીની રેલ વિભુ ! વરસાવ.
તુજ કૃપાએ લક્ષ્મી મળતાં ગર્વે કંઈક ફૂલાય,
નીચ ગણે ધનહીન બંધુને, એ જોયું નવ જાય;
પ્રભુજી ! પ્રેમભાવ પ્રસરાવ,
અમીની રેલ વિભુ ! વરસાવ.

---

* હાલમાં સંક્રાંત તા. ૧૨ જાન્યુઆરી ને અદલ તા. ૧૪ મી જાન્યુઆરીએ આવે છે. ચૈત્રથી કારતક સુધીમાં ૧૩૪ અને કારતકથી ચૈત્ર સુધીમાં ૧૩૫ બાદ કરેથી શકનો બરોબર આંકડો નીકળે છે.

નહિ વિચારે પરસુખને કો, નિજ સુખ પાછળ ધાય,
ધરે શ્રેષ્ઠતા ખોટી મનમાં, દયા ન દિલમાં જરાય;
દયાળુ ! પ્રેમભાવ પ્રસરાવ,
અમીની રેલ વિભુ ! વરસાવ.
જડવાદે આ જગત ભૂલ્યું છે, ત્હેને માર્ગ બતાવ,
સ્વાર્થ—સાધના—મગ્ન જનોમાં સેવા સ્રોત વહાવ;
વિભુજી ! પ્રેમભાવ પ્રસરાવ,
અમીની રેલ વિભુ ! વરસાવ.

(રમણીક કીશનલાલ મ્હેતા.)

ગીત ૧૦. (ગરબો.)

જોગીરાજ.

જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને,
પુરાતન ભરતને ચોક ! અલબેલડી !
જનનીએ દીધ એવા એક જોગીરાજને;
જગવ્યા જેણે ચૌદ લોક અલબેલડી ! જોયા.

*　　*　　*

જાણ્યા'તા જીવી જીવન એક જોગીરાજને,
ભર્યાં અમૃતે જેનાં ઉરઃ અલબેલડી !
નિરખ્યા એ પરખ્યા મુજ દેશ જોગીરાજને;
નયણે જેને વીજ—નૂરઃ અલબેલડી ! જોયા.

દીઠા સખી! મીઠા એવા એક જોગીરાજને;
બુદ્ધ શો વિશુદ્ધ હૃદય-પ્રેમ અલબેલડી!
જાણ્યા મન માન્ય તપસિદ્ધ જોગીરાજને;
જીવને ગુંથેલ કૃષ્ણ-પ્રેમ અલબેલડી! જોયા.
રસના અખંડ રટે એક જોગીરાજને,
નીતિમાં રામના નિવાસ: અલબેલડી!
શ્વાસે વસાવ્યા રૂડા એક જોગીરાજને;
ઝીલ્યા જનકશા સંન્યાસ! અલબેલડી! જોયા.
જોગી કેમ રીઝે લુખાં ભૂષણોના ભોગથી,
જોગીને વ્હાલો જીવન ભોગ! અલબેલડી!
મુક્તિને પંથ એવો એક ગાંધીરાજ એ,
સનાતન ભારતને ચોક! અલબેલડી! જોયા.

કેશવ. હ. શેઠ.

કસરતનાં ગીતો.

ગીત ૧.

સવારમાં હું ફરવા જાઉં,
ચોકખી ખૂબ હવા ત્યાં ખાઉં;
આવે: બાળક સાથે તમે,
સવારમાં ફરવાનું ગમે. ૧

તાજી ખૂબ હવા ત્યાં હોય,
તાજી આંખે તાજું જોય;
ત્યાં તાણીને લેતાં શ્વાસ,
થાય ફેફસાં સાફ જ ખાસ. ૨

બહૂ બળ પામે શુદ્ધ શરીર,
સાંધા છુટા થાયે જોર;
આંતરડાં પર આવે ભાર,
થાય કાળજું ઠંડુંગાર. ૩

કરે હોજરી બમણું કામ,
કસરત કરીએ રોજ તમામ;
મટે સર્વ શરીરનાં દુ:ખ,
લાગે રોજ વખતસર ભૂખ. ૪

(દલવાડાકર.)

ગીત ૬.

(લશ્કરી કુચના રાગમાં ગવડાવવું.)

હક્કતર મૂકી ઉઠો સરવે, કપડાં લત્તાં સાફ કરી,
જમણા થઇને ચાલો વહેલા ડાબો જમણો પાય ધરી.
ડાબો જમણો કરતા જાઓ,
સરખાં ડગલાં ભરતા જાઓ.

ડાબો, જમણો, ડાબો, જમણો પગ મૂકીને આગળ જાઓ;
રમવાનું ઠેકાણું આવ્યું, બે હારે સીધા થાઓ.
સલામ કરીને અદબ કરો સૌ, હાથ મૂકી છુટા થઈ જાઓ;
જમણા, અવળા, ડાબા સીધા, ઘુંટણ બેસી ઉભાં થાઓ.
સામા થઈને હાથ ઝાલીને ગોળ કુંડાળે ઉભા રહો;
જમણા, અવળા, ડાબા, સીધા, ઘુંટણ બેસી ઉભા થાઓ.
ઉઠો અવળા, હાથ મેળવી, કુંડળી બબ્બે સાથે ફરો;
બીજી વાર વળી તેમ ફરીને, હાથ છોડીને અવળા ઠરો.
એકી બદલો બેકી બદલો તાળી દઇ અવળા થઈ જાઓ;
એકી બેકી સાથે બદલો, સૌ સાથે સીધા થઈ જાઓ.
પહેલો ડાબો, છેલ્લો જમણો, સાથે ચાલી અંદર ધસો;
બીજા અર્ધા પાછળ તેની, સરખાં ડગલાં ભરીને ખસો.
એકી અંદર પડીને જમણા, બેકી ડાબા બહાર ઠરો;
ડાબાં જમણાં ડગલાં ભરતા, ભરતા એકજ ગોળ ફરો.

ગુ. શા. પત્ર.

ગીત ૩.

અંગ્રેજી રાગ.

સુમન સદા સુધારવા, ઉમંગે અંગ વાળવા;
આ બાહુબળ વધારવા, કરો હરો અપાર.
સવાર સાંજ રોજ, ચોકખી હવા લે તોજ;
તું અંગ બળ વધારશે, શરીર તો સુધારશે,
રુધીર તન જમાવશે ખચીત ચિત્ત વિચાર.

ગુ. શા. પત્ર.

ગીત ૪.

ઉભા થઇ એક એકની પૂંઠે, ઉભા રહેજો હારોહાર;
છાતી કાઢી, કર કરી નીચા, ડ્રીલ કરવા થાઓ તૈયાર.
ડાબા, જમણા, સીધા થઇને, સલામ કરી નમજો સાથે,
ઉંચા, નીચા હાથ કરી, કાને અડકાડી લો માથે.
ખાંધે લાવી, જાંગે રાખી, હીંચણ પર ધરી અદબ કરો,
હેઠળ બેસી, વાળી પલાઠી, ભણવાને ઉમંગ ધરો.

ગુ. શા. પત્ર.

ગીત ૫.

ઉભા થઇ કર સામે સીધા, પાછળ રાખી અદબ કરો,
જમણો જમણી સમ લંબાવી, ડાબો ડાબી દિશ ધરો.

જમણો ઘુંટણ પાછળ મૂકી, એ બાજુ વાંકા વળજો,
ડાબો ઉંચે ત્રાંસો રાખી, દૃષ્ટિ તે સામે કરજો.
એમજ ડાબો ડાબે ઘુંટણ, જમણો ત્રાંસો લંબાવો,
બે કર જોડી નમન કરો સૌ, મ્હેતાજીને મન ભાવો.
જમણો પગ આગળ લંબાવી, પાછો મૂકો તેને ઠામ,
ડાબો એ રીતે લંબાવી, જમણા સાથે મૂકો આમ.
ડાબા પગથી ડગલું આગળ, આવી પાછા જાઓ ઠામ,
પાછળ ડગલું ફરીને પાછા, ઠામે આવી કરો સલામ.

ગીત ૬.

(યોગ્ય ઝડપથી ગાવાનું.)

ડ્રીલ આપણી પૂરી થઈને, ચાલો જઈએ બારોબાર;
તાલે તાલે પગ ઉપાડી, ચાલો સર્વે હારોહાર.
શાંત બનીને સર્વે ચાલો, આડું અવળું નવ જોશો;
સાચવજો સૌ દફ્તર પોથી, નહિ તો તેમાંનું ખોશો.
નજર આપણી સામે રાખો, ચાલો સૌ એક એક પૂંઠે;
સંભાળી સંભાળી ચાલો, હાર આપણી નવ તૂટે.
ઉભા રો' સૌ સૌને ઠામે, આઘા પાછા નવ થાશો;
સૌ સાથે શિક્ષકને હેતે, નમન કરી બેસી જાશો.

ગુ શા. પત્ર.

પ્રાર્થનાનાં ગીતો.

પ્રભુ પ્રાર્થના. ૧

રાગ-ભૈરવી.

પ્રભુ તને સદા સદા, ખુશી થઈ નમું નમું;
હંમેશ હું હરૂં ફરૂં, તને હું કેમ વીસરૂં—પ્રભુ૦
જમીન પાણી વાયરો, વનસ્પતિ જનાવરો;
અનાજ ઘાસ તેં કર્યા, અનેક રંગ આદર્યા—પ્રભુ૦
સુખી થવા કર્યું સહુ, ભલી ન કેમ થાઉં હું;
ભૂલોની માફ માગી હું, તને સદા નમું નમું—પ્રભુ૦

ગુ. શા. પત્ર.

પ્રભુ પ્રાર્થના. ૨

રાગ-ધનાશ્રી.

ધરો પ્રભુનું ધ્યાન, બાળ સહુ ધરો પ્રભુનું ધ્યાન.
સવારમાં વહેલા ઉઠીને લેજો પ્રભુનું નામ.—બાળ.
પાયે લાગી માતપિતાને કરવા પાઠો જાણ.—બાળ.
વખત થયે શાળાએ જાવું કરો ગુરુને સલામ.—બાળ.
મહેતીજીની માની શિક્ષા લેજો વિદ્યા દાન.—બાળ.
વિદ્યા લીધે સુખીઆં થાશો કરશો રૂડાં કામ.—બાળ.
એ રીતે જે બાળક કરશે તેનું છે કલ્યાણ.—બાળ.

ગુ. શા. પત્ર.

પ્રભુ પ્રાર્થના ૩.

રાગ—શંકરાભરણ.

સુંદર શિવ મંગળ ગુણ ગાઉં ઇશ્વરા,
વિભુવર ભવભયહારક, નમું મહેશ્વરા.—સુંદર.

મધુર કુસુમ વિષે રમે ગંધ સુંદરા,
કૌમુદી સુદપ્રદા, ઉષા મનોહરા.
મૃદુલકંઠ કોકિલરવ શ્રવણ સુખકરા,
સહુમાં....હસતી....વસતી....પ્રતિફલિતા,
શી લલિતા—સુંદરતા તુજ જગદ્ધરા.—સુંદર.

વિપ્રલંભી વિષય મોહીની મધુસ્વરા...
દિવ્ય ધામ પંથ જતાં આવી વિઘ્નધરા....
વિપથ દોરવા મથે, અહો દયાકરા !
ક્ષણ તે...હૃદયે—બળદે....કર ધરીઆ....
પરિહરવા—મધુર રવા મોહની સુરા.—સુંદર.

વ્યાપિ હમે સત્ય દૃષ્ટિ, ઘન તિમિરકરા,
તે સમે વિશુદ્ધ પ્રેરી, જ્ઞાન રવિકરા;
કરૂણા ધરીને—ફરીને હરિ તમને,
સદ્ય મને-મન ગગને-શાન્તિ દે સ્થિરા.—સુંદર.

શ્રીયુત નરસિંહરાવ.

પ્રભુ પ્રાર્થના ૪.

[હે પ્રભુ ! તારી કુદરત ન્યારી—એ લય.]

વિભુને વિનંતી.

જય જય જગપતિ ! તમને નમીએ,
પ્રેમે કર જોડી વિનવીએ. ટેક.
તુંજ અમારો માતપિતા છે,
તુંજ મિત્ર ભગિની ભ્રાતા છે;
તુંજ અમારો સુખદાતા છે,
તુજ શરણે સુખથી સહુ રમીએ. ૧
તેં અમ કાજે સર્વ બનાવ્યું,
અન્ન, પવન, જલ તેજ નિભાવ્યું;
અમ જીવન પ્રેમળ સુવહાવ્યું,
તુંજ કરૂણામય સર્વ સુહાવ્યું. ૨
ગર્ભમહીં અમ રક્ષણ કીધું,
બાળપણું પણ સાચવી લીધું;
પ્રભુ અમ જીવન ચલવો સીધું,
અંતે નિજ સ્વરૂપે જઇ શમીએ. ૩

દલપતરામ નાથજી પુરાણી.

પ્રભુ પ્રાર્થના ૫.

બાળયાચના.

રાગ—સારંગ.

ઇશ્વરની પાસેથી માગી હું લઉં માગી હું લઉં;
આળસથી આઘી ને આઘી હું રહું આઘી હું રહું. ૧
કામ બધાં કરવામાં હોંસીલી થાઉં હોંસીલી થાઉં;
ભણવામાં સૌથી આગળ હું જાઉં આગળ હું જાઉં. ૨
બીજાને પહેલું આપીને ખાઉં આપીને ખાઉં;
કોઈને કદાપિ કડવું ન કહું હું કડવું ન કહું. ૩
ભજન પ્રભુનાં હું ચાહીને ગાઉં ચાહીને ગાઉં;
પ્રભુને રીઝવો બીજાઓ સહુ બીજાઓ સહુ. ૪

શ્રી ઉપેન્દ્ર.

પ્રભુ પ્રાર્થના ૬.

રાગ—ઝીંઝોટી.

સૃષ્ટિ કર્તા રબ્બ કે સિવા કોન હે કહો તો સહી,
ભ્રમસેં ભૂલ પડી, જ્ઞાનસેં કહો તો સહી.
પરમેશ્વર પર ઉપકારી પરબ્રહ્મ પરહિતકારી,
આદિ અંત વોઈ હે ફિર કોન હે કહો તો સહી–સૃષ્ટિ.

(મળેલું.)

પ્રભુ પ્રાર્થના ૭.

ભુજંગી છંદ.

અહો ! નાથ ઉભા અમે હાથ જોડી,
કરો રંક સામે કૃપાદૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગીએ ઇશ ઓ પ્રેમ તારો. ૧

ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે,
ગઇ રાત વીતી જુઓ વાત સ્હેજે;
પ્રભુ તું વિના કોણ સંભાળનારો,
અમે માગીએ ઇશ ઓ પ્રેમ તારો. ૨

પશુપક્ષી ને પ્રાણીઓ કામ લાગ્યાં,
પછી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં;
અમારી પ્રભુ બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગીએ ઇશ ઓ પ્રેમ તારો. ૩

કુડાં દુ:ખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો;
સુખે જાય આ આજ તો દિન સારો,
અમે માગીએ ઇશ ઓ પ્રેમ તારો. ૪

(ગુ. શા. પત્ર.)

પ્રભુ પ્રાર્થના ૯

માલિની છંદ.

નથી, નથી, નથી મુજમાં હે પ્રભો તારી ભક્તિ,
નથી, નથી, નથી મુજમાં ગુણ ગાવાની શક્તિ. ૧
મથી, મથી, મથી થાકયા શાસ્ત્રી ને ગ્રંથકારો,
કથી, કથી, કથી થાકયા જ્ઞાની ધ્યાની હજારો. ૨
નિત, નિત, નિત રચના નવ નવી દશ્ય આવે,
ચિત્ત, ચિત્ત, ચિત્ત જનનાં લુબ્ધ તું તો કરાવે. ૩
હિત, હિત, હિત જગનું તું સદા ઈચ્છનારો,
શિત, શિત, શિત તારી છાંયથી રક્ષનારો. ૪
ઘણી, ઘણી, ઘણી બુદ્ધિથી રચી સૃષ્ટિ કેવી,
ગણી, ગણી, ગણી શુદ્ધિ ભૂલીઆં દેવ દેવી. ૫
બની, બની, બની બનીઆ પુસ્તકોના પહાડો,
ભણી, ભણી, ભણી ભણીઆ બ્રહ્મને રાત દહાડો. ૬
અતિ, અતિ, અતિ ભારી તાહરા ઉપકારો,
રતિ, રતિ, રતિ જગમાં કોણ છે વર્ણનારો. ૭
મતિ, મતિ, મતિ મારી અલ્પ નાની નિહાળો,
ગતિ, ગતિ, ગતિ તારીનો મળે ના કિનારો. ૮
કરી, કરી, કરી થાકયા દેવ ગુણગાન તારા,
જરી, જરી, જરી ન શકયાં વર્ણવી નામ તારાં. ૯

નહિ, નહિ, નહિ પામ્યા પાર એ ઓજ તારો,
કહી, કહી, કહી શું કહે આ ઝવેરી બિચારો. ૧૦

(મળેલું.)

પ્રભુ પ્રાર્થના ૯.

રાગ યમન કલ્યાણ.

કલાધર કર મયા....
શિવકર ગુણીવર નાયક સત્ય સહાયક,
દાયક સુખનીધિ ભુવન નયન તુંહી —કલાધર.
મંગલ દેવા,
ધ્યાન ધરત શુચી,
સુરનર....ગા....વત,
વ્યાપક તુજ ગુણ.
બાલક તવ પ્રતી,
પ્રગતિ ચહત નમી.—કલાધર.

(રા. બા. અ. દવે.)

પ્રભુ પ્રાર્થના ૧૦.

વિભુ વંદન.

(ભુજંગી.)

તમે છો પ્રભુ ! અન્નદાતા અમારા,
તમે છો પ્રભુ ! સર્વથી શ્રેષ્ઠ સારા;

તમે છો અમારા પ્રભુ! માય બાપ,
અમે દંડવત્ વંદીએ વિશ્વનાથ! ૧
તમારી સ્તુતિ વેદશાસ્ત્રે વખાણી,
વિરામી મુનિયો તણી વૃત્તિ વાણી;
જગાધીશ! તારા ગુણો છે અમાપ,
અમે દંડવત્ વંદીએ વિશ્વનાથ. ૨
(બા. ભ. સંગ્રહ.)

પ્રભુ પ્રાર્થના ૧૧.

કોને શરણ જાઉં?

રાગ કલ્યાણ.

દીનનો દયાળ છોડી કોને શરણ જાઉં.—ટેક.
માતતાત જાણી પ્રભુ, ચરણ પ્રતિ ધાઉં;
પામીને પ્રસાદ પૂર્ણ (૧) કૃત કૃતાર્થ થાઉં.—દીનનો.
ક્લેશ દુઃખ ટાળી સહુ શાંતિ સુખ દે બહુ;
નિત્યને વધાવી તુજ (૨) નામ ગુણ ગાઉં.—દીનનો.
પ્રભુ કૃપાનિધાનની હું પૂર્ણ કૃપા ચાહું;
સંકટ સમય નાથ (૨) પલ્લવ હું સાહું.—દીનનો.
નમી નમી પરાત્પરા હું ચરણ તારે આવું;
પ્રેમ પુષ્પઅંજલિ હું (૨) પ્રભુપદે વધાવું.—દીનનો.
(ભોળાનાથ સારાભાઇ.)

પ્રભુ પ્રાર્થના ૧૨.

ઇશને યાચના.

રાગ ગઝલ.

અમારા બાહુમાં બળ દે, અહોનિશ દેશહિત કરવા;
અમૂલું બુદ્ધિનું બળ દે, અનેરાં દેશહિત કરવા.
અમોને ધૈર્ય ને શાંતિ, સદા દે દુઃખ સહવાને;
દયા દે ઉંડી હૃદયે તું, દીનોનાં દુઃખ દહવાને.
સતત ઉદ્યોગ દે અમને, જીવનની ઉન્નતિ કરવા;
હજારો હુન્નરો દેજે, ગરીબી દુઃખ દૂર કરવા.
તજાવી દેહની પરવા, સદા દે દેશની પરવા;
ગરીબી યા અમીરીમાં, સદા જનસેવને સ્મરવા.
વળી વિચાર વાણીને, સદા દે ઐક્ય આચારે;
સદા દે ઇષ્ટની સિદ્ધિ, સદા ઉત્સાહ વિચારે.
દયાળુ ઇશને યાચું, અમોને સદ્‌ગુણો દેજે;
સદા જનસેવ એ પ્યારૂં, અમારૂં સૂત્ર તું કરજે.

(બા. ભ. સંગ્રહ.)

પ્રભુ પ્રાર્થના ૧૩.

રાગ ધનાશ્રી.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ.-ટેક.

નરનારી પશુપંખીની સાથે, (૨)
જંતુ જીવ તમામ. દયાળુ પ્રભુ. ૧
જગના વાસી સૌ સુખ મહાલે (૨)
આનંદ આઠો જામ. દયાળુ પ્રભુ. ૨
દુનીઆમાં દરદ દુકાળ પડે નહિ (૨)
લડે નહિ કોઇ ગામ. દયાળુ પ્રભુ. ૩
સર્વે જગે સુખકારી વધે ને (૨)
વળી વધે ધનધાન્ય. દયાળુ પ્રભુ. ૪
કોઇ કોઇનું બુરૂં નવ ઇચ્છે, (૨)
સરવે જોય સમાન. દયાળુ પ્રભુ. ૫
પોતપોતાના ધર્મ પ્રમાણે, (૨)
સર્વ ભજે ભગવાન. દયાળુ પ્રભુ. ૬

બા. ભા સંગ્રહ.

પ્રભુ પ્રાર્થના ૧૪.

રામનો પોપટ.

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરૂં, મુખે રામ જપાવે.—પઢો રે.
પોપટ! તારે કારણે લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરા રતને જડાવું.—પઢો રે.
પોપટ! તારે કારણે, શી શી રસોઇ રંધાવું;
સાકરનાં કરી ચુરમાં, ઉપર ઘી પીરસાવું.—પઢો રે.

પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો,
નરસૈના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો.—પંડ્ર રે.

નરસિંહ મહેતા.

પ્રભુ પ્રાર્થના ૧૫.

જય સુખદાયક.

(સવૈયા.)

જય સુખદાયક ! જય દુઃખહારક !
જય વરદાયક ! વિશ્વવિધાતા !
જય જગકારણ ! જય જગધારણ
જય જગ તારણ ! જય જગત્રાતા !
જય ગુણકારક ! જય જગઠારક !
દોષનિવારક ! ઇશ અજાતા !
જય વિશ્વેશ્વર ! જય પરમેશ્વર !
છો દીનેશ્વર ! જય મતિદાતા !

દલપતરામ.

પ્રભુ પ્રાર્થના ૧૬.

કલ્યાણ.

શ્રી જગતપતિ, પ્રભુ આપ સન્મતિ,
સર્વ બાળકો કરે છે આજ વિનતિ;
કુમતિ કાપીને, તું આપ સન્મતિ,
જેથી આ જગે ન થાય પાપ તો રતિ—શ્રી.

સર્વ જગતનો કર્તા તું છે, અંતરજામી બાપ,
પૃથ્વી પાણી ઝાડ પર્વતો, અનાજ બીજ અમાપ.—શ્રી.
સર્વ બાળકો અરજ કરે છે, કષ્ટ અમારાં કાપ,
વિદ્યાની વૃદ્ધિ કરવામાં, મદદ અમોને આપ—શ્રી.
બે કર જોડી પ્રણામ કરીએ, તુજને વારંવાર,
સઘ અમારાં વિઘ્ન હરીને, સુજશ આપ નિરધાર—
શ્રી જગત્પતિ પ્રભુ આપ સન્મતિ.

ગુ. શા. પત્ર.

પ્રભુ પ્રાર્થના ૬૭.

નાથ તારે ચરણ સર્વ જાય, શુભ મહિમા ગુણ ગાય—નાથ.
તું વિશ્વકર્ત્તા તું વિશ્વભર્ત્તા પૂર્ણ કૃપાએ જણાય;
પ્રેમ થકી તારી ભક્તિ કરે તેના અર્થ સફળ સર્વ થાય—નાથ.
અદ્‌ભુત શક્તિ દિસે પ્રભુ તારી, અકલ કળા ન કળાય;
નાથ પ્રભુ તારી કરુણા થકી સર્વ વિશ્વમાં મંગલ થાય—નાથ.
આદિ નથી જેનો અંત નથી જેનું, માપ કદી ન મપાય;
એક અખંડ અનંત પ્રભુ સર્વ વેદ શાસ્ત્રમાં ગવાય.—નાથ.
સંકટ સમય સદા ચડી વારે, પ્રભુ રહે સર્વ સહાય;
બાલક દીન અજ્ઞાન જાણી તું હાથ અમારો સહાય.—નાથ.
મંગલ ભાવ પ્રભુ તારો દીસે, દર્શન દે જગરાય;
માતપિતા અમે પ્રણમી પ્રેમથી લાગીએ પ્રભુ તને પાય.—નાથ.

પ્રાર્થના માળા.

આવકારનાં ગીતો.

ગીત ૧.

આવકારનું.

ધન્ય ભાગ્ય અમારાં આજ પધાર્યાં મોંઘેરાં મ્હેમાન,
હૃદયથી આજ કરીએ સ્નેહતણાં સન્માન.—ધન્ય.
કુમકુમ પગલાં પુનિત પનોતાં,
પુનિત કર્યાં આ સ્થાન.
તમ દર્શનથી છે અમ હૈયાં,
હર્ષ વિષે ગુલતાન.—ધન્ય.
સજ્જનનો સંગ છે અતિ દુર્લભ,
શાં કરીએ ગુણગાન.
પારસમણિસમ આપ પધાર્યા, સ્વીકારો સન્માન,
હૃદયથી આજ કરીએ.........

(રા. બા. અ. દવે.)

ગીત ૨.

સ્વાગત.

(અમારી ગુણવંતી ગુજરાત–એ રાગ.)

શાં કરીએ સન્માન, તમારાં શાં કરીએ સન્માન!
વ્હાલા! પ્રિય ગુણવાન, તમારાં શાં કરીએ સન્માન!
સ્નેહી સ્વજન સહવાસ અતિશય, દુર્લભ જીવન-વ્યોમ!
આજ સુભાગી કર્યાં સૌ સ્વજનો, ઉદિત થયો સુખ-સોમ!–તમારાં

પાવન પુણ્ય પનોતે પગલે, દીપ્યાં અમ દીન ધામ !
ધન્ય ! અનુપમ આજ ઘડી તમ, દર્શનથી અભિરામ !–તમારાં.
દિવ્ય સુવાસિત પુષ્પતણા નથી પ્રિય ! તમ સ્વાગતહાર !
નૈસર્ગિક પ્રિયવાણી તણા અમ અનુગ્રહી લ્યો સત્કાર !–તમારાં.
સ્વાગત અમ અધુરાં નથી વ્હાલાં ! અધુરાં સાધન સાજ !
સ્નેહલ વિમલ હૃદય રસભર છે, પ્રિયજન ! સ્વજન સમાજ ! તમારાં.
દીન સ્વજન પર બહુ કરૂણા કરી મોંઘેરાં મહેમાન !
ઉર ઉલ્લાસ ભર્યા કરતાં પ્રિય ! સ્નેહ સુધારસ પાન !–તમારાં.
અમૂલખ અવસર આજ સહી લ્યો ! પ્રિય અમ અવનવ ઢંગ !
જીવનનૂર ! પધારી સુપ્રેમે, રેલવો મોહની ગંગ !–તમારાં.

વાસુદેવ રામચંદ્ર રાવલ.

ગીત ૩.

સત્કાર.

રાગ-ભેરવી.

અમારાં સુજ્ઞ મહેમાનો....
પુનઃ દર્શન જરૂર દેજો;
પધાર્યો દેવ અમ સદને....
અમારા પર દયા લાવી,
અનેરા લાભ તો દીધા—અમારાં....

થયાં સન્માન ના અમથી,
કંઈએ આપનાં આજે;
કૃપાળુ સૌ ક્ષમા દેજો—અમારાં...

(રા. બા. આ. દવે.)

ગીત ૪.

સત્કાર.

રાગ—કલ્યાણ.

પધારો અમારાં મોંઘેરાં મેમાન,
ભાવ ભર્યાં દઇએ અનેરાં સન્માન.
પુનિત ચરણુ આપનાથી, પુનિત થયું સ્થાન આ,
સજ્જનના સંગયુક્ત, ભાગ્યશાળી સ્થાન આ.
દર્શનથી હર્ષપૂર્ણ હૈયાં છલકાય આ,
દોષરહિત શુદ્ધ સ્નેહ નયણે ઉભરાય આ.
સત્કારે છે સ્નેહે તે નયણે....જણાયે.......
સ્વીકારો અમારૂં સાચું એ સન્માન,
ભાવનાનાં ભૂખ્યાં પધારો મે'માન—પધારો.

બા. ગી. સંગ્રહ.

ગીત ૫.

સ્વાગત.

(અમે તો આજ તમારા બે દિનના મે'માન એ રાહ.)

પધારો સ્નેહ ભર્યા અમ, મનગમતા મહેમાન. (૨)
સ્વાગત કરીએ સ્નેહ સુમનથી, મનમાં ભાવ અપાર;
ભાવ થકી સત્કાર કરતાં, આવે હર્ષ અપાર.—પધારો.
ચરણ પુનિત તમ દ્વાર અમારાં, પાવનકર નીરધાર;
સજ્જન સંગત લાભ મળ્યો તે, અમને આનંદકાર.—પધારો.
દુર્લભ તમ દર્શનથી થાતાં, કિલ્મિષ શાંત અપાર;
ભાવ ભર્યા મહેમાન અમારા, સ્વીકારીએ સત્કાર.
પધારો સ્નેહ ભર્યા અમ, મનગમતા મહેમાન.

ગુ. શા. પત્ર.

ગીત ૬.

વિયોગનું.

રાગ—ગઝલ.

મનોહર મૂર્તિ આ મધુરી મૂકીને જાય છે અમને,
મહા સંતાપ અંતરમાં દુ:ખી વિયોગથી થઇએ.
જગતની એજ રીતિઓ, મળી જવું ને જુદાં પડવું;
અમે તો જાણતાં હોવા છતાં એ દુખીયાં બનીએ.

ઘણા થોડા દિનો સાથે, અહિંઆં એકઠા વસીઆ;
લગાડી પ્રેમમય માયા અલગ તો કેમ થઇ શકીએ.
સરળ ને શાંત મુખડું તો રમી રહ્યું સર્વના ઉરે;
નહિ ભૂલાય મીઠું આ હૃદય કો કોને દાખવીએ.
અસલ એ આપનાં સ્મરણો અમારે જીગરે ચઢશે;
સદા સુખ આપને હોજો પ્રભુને એવું વિનવીએ.

(મળેલું.)

ગીત ૯.

સ્વાગત.

રાગ કલ્યાણ.

આનંદ આજ દિન અતિ ભારી (૨)
મંગલ પ્રસંગ મન સુખકારી,
અંતર હરખે ભરીઆં ભારી;
મોંઘા મિજમાનની બલિહારી,
વળી વિરલ નવલ સહુ તૈયારી.—૧ આનંદ.
આશિષ વરસતા ગુણ દિલ ધરતા,
અમ મન પ્રોત્સાહન કંઈ ભરતા;
તમ સ્વાગત નયનાનંદકારી.—૨ આનંદ.

હરિદત્ત કે. પાઠક.

ગીત ૯.

વસમી વિદાય.

વસમી એક વિદાય,
વ્હાલાંની વસમી એક વિદાય.
પ્રેમ અને પરિચય વધતાં તો,
વિરહ સહી ન શકાય.
વ્હાલાંની વસમી એક વિદાય.
ઉભરાતા ઉપકારો ઉછાળે,
ભીનાં હૈયાં ભરાય;
વ્હાલાંની વસમી એક વિદાય.
મન માન્યાં વ્હાલાની વ્હાલમ,
પલ પલ નવ વિસરાય;
વ્હાલાંની વસમી એક વિદાય.
ઓછાં ને અધુરા કંઈ ભાવે,
સ્વજન કર્યે શું થાય?
વ્હાલાંની વસમી એક વિદાય.
દિલના દેવ સમાં વ્હાલાંને,
આંસુ અર્ઘ્ય દેવાય?
વ્હાલાંની વસમી એક વિદાય.

(લલિત.)

ગીત ૯.

આવકાર.

ભલે પધાર્યા સજ્જન સન્નારી ઉપકૃત કર્યા અમને,
વધાવીએ અંતર થકી તમને—ભલે.
આરોપીએ જો પુષ્પની માળા ઘડીમાં તે કરમાય,
માળ પ્રીતિની ઉભયની અમ પ્રફૂલ્લ રહે સદાય.—
ભલે પધાર્યા....
હેમ હાર નથી માણેક હીરા કરવા તમ સત્કાર,
ઉમળકા જે અમ અંતરના સદાય સ્થિર રહેનાર—
ભલે પધાર્યા...
× ×   × ×   તણો ઉપકાર નવ કથાય,
અંતર માંહી સદા રહેશે હૃદયે નવ ભૂલાય—
ભલે પધાર્યા....
દોષ ઘણા અમ કૃત્યો માંહે અન્ય વિષયે નહિ ઢંગ,
થઈ ગુણગ્રાહી વળી કદરદાન ક્ષીર પીઓ તમ હંસ—
ભલે પધાર્યા...

(મળેલું.)

ટીપ:—×× ×× આવી નીશાનીમાં ગમે તે બે ગૃહસ્થોનાં નામ મૂકવાં.

ગીત ૧૦.

આભાર.

(ગરબો.)

સાદાં અમારાં નોતરાં ને સાદાં દીધાં સન્માનરે,
સ્નેહી સ્નેહે મલ્યાંરે.
હિત અમારૂં હૈયે લહીને સ્વીકાર્યા સત્કારરે,
શાણાં હેતે ભર્યાંરે.
ત્યહાં ઉગી સખી એકલી ને અહીં કૌમુદી સહકારરે,
રસિયાં રાસે રમ્યાંરે.
સમી સન્ધ્યાનાં અમે નીસર્યાં કાંઇ વિસર્યાં ઘરને વ્હારરે,
મેમાન મોંઘાં મળ્યાંરે.
ભાવે ભૂલો સહુ વીસરી અમ ઉણપને આહાર એ,
આભાર હૈયે ભર્યાંરે.

(એક બ્હેન).

ગીત ૧૧.

આવકાર.

સ્નેહના આ પુષ્પને સ્વીકારો, ઓ બ્હેનીઓ—સ્નેહના.
ધર્મ કર્મ ફર્જને વિચારો ઓ બ્હેનીઓ—સ્નેહના.
દેશની સેવાના પાઠ વિશ્વમાં વંચાવો,
અંતરને અન્ય દુઃખે બાળો–ઓ બ્હેનીઓ—સ્નેહના.

ઐકયતા વિમુખી કલેશ જોસથી જલાવો,
દેશને કર્તવ્યતાનાં દુંદુભી સુણાવો,
અજબ કાંઇ દેશને સુધારો એ બ્હેનીઓ—સ્નેહના.
દેશને હસાવો સુખ હીંચકે ઝુલાવો,
દેશ સુખકાજ દુઃખ આવે વધાવો,
જીવ્યાનું સાર્થક જગાવો એ બ્હેનીઓ—સ્નેહના.

શ્રી ગરબાવળીમાંથી.

ગીત ૧૨.

વિદાય.

મહેમાનો ! એ વ્હાલાં ! પુનઃ પધારજો,
તમચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ જેઃ
નિચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! એ વ્હાલાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમેઃ
ઉતર્યા રંક ઘરે, શો પુણ્ય પ્રભાવજો !
શુશ્રૂષા સારી ના અમને આવડીઃ
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવજો !
મહેમાનો ! એ વ્હાલાં ! પુનઃ પધારજો !

મ. ર. ભટ્ટ. (કાન્ત.)

ગીત ૧૩.

રાજગીત.

પાળો વિશ્વેશ એ, તેજસ્વી ભૂપને,
દીર્ઘાયુ દો.
વાધો શ્રી ને સુખો ડંકો હો જીતનો;
ભૂપતિ અમ સર્વનો
આજું જીવો.
ધાઓ ત્રાતા તમો, વૈરીને ખેરવો;
નીચા નાખો.
ફંદો, ફેંકો, છલો, તોડી નાખો પ્રભો;
આશ્રય દૃઢ આપનો,
સૌને રક્ષો.
વર્ષા રેલો ઘણી, માયા મહેરની,
જીવો રાજા.
કાનુનો રાજ્યના, જમો શ્રી જ્યોર્જના;
રૈયત-દિલ પ્રાર્થના
રક્ષો રાજા.

આ. ગી. સંગ્રહ.

સમાપ્ત.

આ ટીપણો બીજુ પ્રેસમાં છાપ્યો છે રાયપુર-અમદાવાદ